
કિંમત ₹ ૫/-

સળંગ અંક ૮૧ જાન્યુઆરી ૨૦૧૪

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુરમાં
ધનુર્માસ ધૂન મહોત્સવમાં
દર્શન આપતા
શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧












**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં મોટેરામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત સત્સંગ શિબિરની ઝલક.**

૧





૨





૧.દિયોદર ગામે શાકોત્સવ કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર
૨.શિકાગો મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા શિકાગોમાં આવેલ કુદરતી હોનારત સમયે મંદિર દ્વારા ફૂડ પેકેટ બનાવતા હરિભક્તો .



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૮૧

જાન્યુઆરી-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | બ્રહ્મમુનિ ઘણું ભણ્યા | ૦૬ |
| ૦૪. | એક ઓળખ પૂ. મોટા મહારાજશ્રીની ! | ૦૮ |
| ૦૫. | ફૂલોની સાથે ઝાકળનો સત્સંગ | ૧૦ |
| ૦૬. | વચનામૃત વિશે વિચાર-વિમર્શ | ૧૧ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ઉદ્ભવ સ્થાન | ૧૩ |
| ૦૮. | સત્સંગી થયા પછી નારૂપંત નાના જેવો દ્રઢ નિશ્ચય રાખવો | ૧૪ |
| ૦૯. | આનંદની હેલી | ૧૬ |
| ૧૦. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૧૯ |
| ૧૨. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૩. | પ્રશ્ન પેટી | ૨૬ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૭ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

ધનુર્માસ ચાલી રહ્યો છે. તે થોડા દિવસમાં પૂર્ણ થશે. આ માસમાં ભજનનું બેલેન્સ વધી જાય છે. આખો માસ ગાત્રો થીજાવતી ઠંડીમાં મંદિરમાં આવીને જેમણે જેમણે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જાપ કર્યા તેના તન-મનમાં શિતળતા વ્યાપી ગઈ હશે. ભજનનો એવો પ્રતાપ છે કે ગમે તેવા કઠીન પ્રારબ્ધને ભગવાન ફેરવી નાખે છે. છ અક્ષરના ષડાક્ષરી મહામંત્રનો અલૌકિક પ્રતાપ છે.

ભગવાનનું ધ્યાન કરતે થકે મનને વિષે અનેક પ્રકારના ભૂંડા ઘાટના તારંગ ઉઠવા માંડે. જેમ સમુદ્રના મોટા મોટા તરંગ ઉઠે તેમ ભૂંડા ઘાટ ઉઠવા લાગે. ત્યારે તે ઘાટને કેમ ટાળવો ? એવા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડતું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ થઈને તાળી વજાડીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું. અને હે દીનબંધો ! હે દયા સિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી (વચ. લોયા-૬)

ગમે તેવા ભૂંડા ઘાટને શ્રી સ્વામિનારાયણ મહામંત્ર શાંત કરી દે છે. આપણે સૌ ખૂબ ભાગ્યશાળી છીએ. આવા અલૌકિક સત્સંગમાં જન્મ પામીને આવા સર્વોપરી ભગવાન મળ્યા છે. તેનો કેફ હર હમેંશ રાખવો. કાળ, કર્મ, માયા પણ તેમને આધિન વર્તે છે. એવા ભગવાન આપણને મળ્યા છે. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના નામનું હાલતા-ચાલતા ઉઠતા બેસતા સતત સ્મરણ કરતા રહેવું. જેથી આપણામાં ઉઠતા ગમે તેવા ઘાટ સંકલ્પ પણ સમી જશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (ડિસેમ્બર-૨૦૧૩)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨. પ.ભ. હરિકૃષ્ણભાઈ ભોળાભાઈ પટેલ (વિહારવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯ હળવદ ગામે અખંડ ધૂન-મહામંત્રની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર બળોલ (ભાલ) (મૂળીદેશ) ૮ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાટેરા (કપડવંજ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર દિયોદર (બનાસકાંઠા) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર (ઈડર દેશ) પધરામણી.
૧૯-૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોડપર (કચ્છ) પધરામણી.
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા કથા પ્રસંગે પધરામણી.
૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા પાટોત્સવ-શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ કથા પ્રસંગે પધરામણી.
૨૬-૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર દહીંસરા (કચ્છ) પધરામણી.
૨૯ કચ્છ લેઉવા પટેલ સમાજમાં પધરામણી, નારણપુરા
મોટેરા ગામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
ગોઠીબ (પંચમહાલ) ગામે કથા પ્રસંગે પધરામણી.
૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર આમજા કથા પ્રસંગે પધરામણી.
સાંજે ભુજ પધરામણી
૩૧-૧ જાન્યુઆરી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, સુખપર અને સરલી ગામે (કચ્છ) પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (ડિસેમ્બર-૨૦૧૩)

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા કથા પ્રસંગે પધરામણી
૩૧ પ.ભ. અમૃતલાલ હરગોવિંદદાસ પટેલને (નારણઘાટ મંદિર કથા પ્રસંગે) ત્યાં પોથીયાત્રા પ્રસંગે પધરામણી, સોલા.

# બ્રહ્મમુનિ ઘણું ભણ્યા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાન સ્વામિનારાયણના સખા કવિ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજની સેવામાં બહુ મુખી પ્રતિભા ધરાવતા હતા. અન્ય સંતો અલગ અલગ રીતે અંગ મુજબ સેવા આપતા પરંતુ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી જ્યારે જેવી જરૂર પડે એવી સેવા આપવા સક્ષમ હતા. માંડવીમાં ભગવાને ખયાખત્રીને નિશ્ચય કરાવવા પોતાની ગાદી પર સ્વામીને બેસાડ્યા. તો સુરતના મુનિબાવાને ગઢડા લાવીને નિશ્ચય કરાવ્યો. ગમે તેવા અટપટા કામ હોય તેને પાર પાડવાની કળાઓ સ્વામીમાં હતી. અમદાવાદ મંદિરના પૂજારી ગોપી ભટ્ટને પૂજારીનો પત્ર શ્રીજી મહારાજે આપ્યા પછી પાછો લાવવાની જરૂર પડી તો તેમને યુક્તિથી સમજાવી પત્ર પાછો લાવી આપ્યો. જુનાગઢમાં નવાબી શાસનમાં મંદિર કરવું વળી વડતાલમાં મંદિર કરવું વળી મૂળી પ્રદેશમાં મંદિર કરવા અસંખ્ય કઠીન કામો પાર પાડવાની સેવા બ્રહ્મમુનિ કરતા તથા શ્રીહરિ જ્યારે એકાંતવાસ કરે ત્યારે શોધી લાવવા અને રિસાઈ જવાની લીલા કરે ત્યારે ઉદાસીનતા ટાળવા તો બ્રહ્માનંદ સ્વામીની જરૂર પડે. અને સંતોને ગઢડા નહિ આવવાનો પ્રતિબંધ હતો ત્યારે સુણો ચતુર સુજાણ કીર્તન લખીને દર્શનનો માર્ગ ચાલું કરવાની સેવા બ્રહ્મમુનિને ફાળે આવી. આવા સંતે વિદ્યાભ્યાસ કીર્તિ માટે કર્યો પણ તેનો ઉપયોગ શ્રીહરિની સેવામાં કીર્તન કરીને રીઝાવા કર્યો. સ્વામી વિદ્યાભ્યાસ અને કળાઓમાં પારંગત થયા તે રસપ્રદ વાત છે. આપણી પાસે એકાદ વિદ્યા હોય તો પણ ધરતી પર પગ મુકતા શરમ આવે અને વિદ્યાનો ઉપયોગ માત્ર ઉદર પૂર્તિ માટે જ કરીએ તો વિદ્યાનો ખજાનો સંપાદન કરીને શ્રીજી મહારાજની સેવામાં વિદ્યાઓ અર્પણ કરનાર સદ્‌ગુરુ સંત બ્રહ્મમુનિ સાથે પ્રભુને એવી પ્રીતિ હતી કે સ્વધામ ગમન સમયે બ્રહ્મમુનિને જુનાગઢ જબરજસ્તી મોકલ્યા. મહારાજને ખબર હતી કે બ્રહ્માનંદ મને દેહ છોડવા નહિ દે.

૧૮ વર્ષની ઉંમરે ખાણગામથી ભૂજમાં આવ્યા. સિરોહી મહારાવ અને ભૂજ મહારાવને વેવાઈનો નાતો હતો. ભૂજના મહારાવ લખપતરાયજીએ પાઠશાળા સ્થાપી હતી. તેમાં અધ્યાપક ચારણકુળ ભૂષણ શ્રી અભયદાનજીને રાજ કવિ પાસે પિંગળ સાહિત્યનો વિદ્યાભ્યાસ શરૂ કર્યો. સામાન્ય માણસની યાદ કરતા ચાર ઘણી યાદ શક્તિની ક્ષમતા ધરાવતા લાડુદાનજીએ જે જે શાસ્ત્રો કંઠસ્થ કર્યા તેનાં નામ આગળ લખીએ છીએ. (૧) અનેકાર્થી નામમાળા (૨) માનમંજરી (૩) રૂપદીપ પિંગળ (૪) રસરાજ (૫) સુંદર શ્રીગૃાંર (૬) કવિપ્રિયા (૭) રસિક પ્રિયા (૮) ચમત્કાર ચરિકા (૯) ભાષા ભૂષણ (૧૦) જગત વિનોદ (૧૧) સભાપ્રકાશ (૧૨) શબ્દકોષ (૧૩) લખપત પિંગળ (૧૪) હમીર પિંગળ (૧૫) નાગ પિંગળ (૧૬) છંદ પિંગળ (૧૭) રૂપદીપ પિંગળ (૧૮) અમૃત પિંગળ (૧૯) ખટ વિદ્યા (૨૦) અષ્ટ વિદ્યા (૨૧) ચિત્ર પ્રબંધ (૨૨) ડીંગળ સાહિત્યમાં ત્રકટબંધ (૨૩) વકટ બંધ (૨૪) શપા ખરૂં (૨૫) ચિંતુ લોળ ઝીમળ (૨૬) શાણોર (૨૭) અમૃત ધ્વની (૨૮) રેણકી (૨૯) ચર્ચરી (૩૦) વચનિકા (૩૧) ગજગત (૩૨) અવતાર ચરિત્ર (૩૩) રામાયણ (૩૪) પાંડવ યશેન્દ્રચન્દ્રિકા (૩૫) રાજનીતિ (૩૬) પૃથ્વીરાજ રાસો (૩૭) પ્રવીણ સાગરમાં રહેલ રસ, અલંકાર, નાયક ભેદ, ચિત્ર કાવ્યો, અશ્વવિદ્યા, જ્યોતિષ વિદ્યા, સંગીત વિદ્યા, વૈદવિદ્યા, યોગ વિદ્યા, બ્રહ્મ વિદ્યા, યાદ શક્તિ તીવ્ર હોવાથી અષ્ટ વિદ્વાન ષોડશવિદ્યાન, ચોસઠ વિધાન, શત વિદ્યાન, સહસ્ત્ર વિદ્યાન આદિ રીતિ રચના સિધ્ધ કરી. ભારત ભૂમિમાં સહસ્ત્ર વિદ્યાન વિદ્યામાં પારંગત થઈ પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર એક માત્ર મહાકવિ લાડુદાનજી થયા. માતૃભાષા મારવાડી, વિદ્યા ભાષા વ્રજભાષામાં ભૂજમાં દશ વર્ષ રહીને ઉપરોક્ત વિદ્યામાં પારંગત થયા. ગુરુ અને રાજાના આશિષ અને સન્માન મેળવી ભૂજથી વિદાય લઈ રહ્યાં હતા ત્યારે રાજાની બાર ગામ બક્ષિસ આપવાની ઓફર ન સ્વીકારતાં ધમડકા આવ્યા.

ધમડકામાં પંડિત કનકકુશળજી ભટ્ટાચાર્યના શિષ્ય વિજય કુશળ ભટ્ટાચાર્યનો અચાનક મેળાપ થયો ત્યારે વિદ્વાનને ઓળખી જાય તેમ ભટ્ટાચાર્ય લાડુદાનને દૈવી ચમત્કારી પુરુષ જાણી ધમડકા દરબાર સાહેબના ત્યાં રોકાયા અને ભટ્ટાચાર્યજી પાસે રહીને ૨૪ કળાઓ નીચે જણાવેલ શિખ્યા.

(૧) ગીત - ગાવાના પ્રકાર સૂરતાલ (૨) વાદ્ય - વાજીંત્ર વગાડવાની કળા (૩) નૃત્ય - નાચવાની કળા (૪) નાટક - અભિનય વડે નવ રસ રજુ કરવા (૫) ઉદ્યક - પાણી ભરેલા વાદ્યો વગાડવા (૬) પાણીમાં તરવાની કળા (૭) હસી લાઘવ - હાથ વડે પટ્ટો તલવાર ભાલો કટાર ફેરવવા (૮) પાક - રસોઈ બનાવવી (૯) પ્રટલીકા - બીજાને બોલતા બંધ કરી ગૂચવવાની કળા (૧૦) પ્રતિમાળ - હાજર જવાબી (૧૧) વાંચન - પ્રાચીન લિપિ વાંચવી (૧૨) નાટક ખ્યાયિકા - નાટકના કલાકારની ખામીઓ જોવાની કળા (૧૩) કાવ્યશમશ્યાપૂતિ - કાવ્યનો ઉત્તર કાવ્યથી પૂર્તિ (૧૪) તર્કવાદ - તર્ક વિતર્ક કરવા (૧૫) રથકળા - સુતારની નકશી કોતર કામ (૧૬) શિલ્પ - રાજ્ય મહેલ દેવાલય ભૂગર્ભ ગુપ્ત દ્વાર ગુપ્ત ધન સંચય બનાવવા અને ઓળખવા (૧૭) રૂપરત્ન - રત્ન માણેક હિરાને પારખવા (૧૮) અક્ષરમુષ્ટકા કથન - કોઈ દૂર બેસીને લખતો હોય તેને હાથની ગતીથી લખાણ જાણવુ. (૧૯) શુકન કળા - શરીર અંગો ફરકવા સ્વપ્ન તૈતર ભૈરવ શિયાળ શ્વાનના અવાજથી લાભ-અલાભ (૨૦) સંવાચ્ય કાવ્ય - છંદ દોહ કાવ્યની પાદપૂર્તિ કરવી (૨૧) અભિધાન કોષ - સાંગેતિક શબ્દનો અર્થ કરવો (૨૨) છંદો જ્ઞાન - છંદની સંખ્યા માત્રા મેળ અક્ષર ભેદ રાગ વિગેરે (૨૩) ક્રિયા વિકલ્પ - ભોજનને લાંબો સમય રાખવો બગડવા ન દેવો અને ભોજનમાં ઝેરી પદાર્થને પારખવાની કળા (૨૪) આકર્ષિક્રિયા - કસરત કુસ્તી, પટ્ટા બાજી, યુધ્ધ પટ્ટા. એમ કુલ ૬૪ કળાઓ પ્રસિધ્ધ છે. તેમાંની મુખ્ય ૨૪ કળાઓ શિખવા લાડુદાનજી બે વર્ષ સુધી ધમડકામાં મહારાવ લાધાજી કુમાર રાયઘણજીના અતિ આગ્રહથી રોકાયા હતા. મહારાવના ભાભી કરણીબા સમાધીનિષ્ઠ હતા. લાડુદાનજી બ્રહ્માનંદ બનીને સત્સંગ સેવા આપશે એવું કરણીબાએ અગાઉથી ભવિષ્ય કહી દીધું.

શુક્રનીતિ, વિદૂરનીતિ, ચાણકયનીતિ, અંગળનીતિ, રાજનીતિ વિગેરે ભણ્યા. વિદ્યાનો સાગર લાડુદાનજી ગઢપુરમાં મહારાજને પ્રથમ મળ્યા તો બધી જ વિદ્યા અને કળા શ્રીહરિના ચરણમાં અર્પણ કરી દાસત્વ સ્વીકાર્યુ.

એકવાર જૂનાગઢના નવાબ સાહેબે એક દોહો બનાવી આપે તો જુનાગઢનું મંદિર રાજ્યના ખર્ચે બનાવી આપવાની લાલચનો સ્વીકાર ન કર્યો. બ્રહ્મમુનિએ કહ્યું કે વિદ્યા અને કળા સ્વામિનારાયણ ભગવાનની સેવામાં અર્પણ કરી છે. આટ આટલી વિદ્યાઓ - અનેક કળાઓમાં પારંગત પુરુષનો લાડુદાનજી સિવાય પૃથ્વી પર કોઈ જનેતાએ જન્મ નથી આપ્યો. વિદ્યાઓ કરતાં ભગવાનમાં વધુ માલ મનાયો તો સંપૂર્ણ કળાઓ ચરણે ધરી દીધી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info
www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com



# એક ઓળખ પૂ. મોટા મહારાજશ્રીની !

- નટુભાઈ પટેલ (રાજપુરવાળા-કેનેડા)

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપરથી સ્વધામ પરત ફર્યા તે પહેલા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના તેમજ અન્ય વરિષ્ઠ સંતો સાથે વિચાર પરામર્શ કરી પોતાના ભાઈઓના પુત્રો દત્તક લઈ, આ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદીના બે વિભાગ કરી, શ્રી નરનારાયણદેવ ગાદી અમદાવાદની સ્થાપના, શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી - વડતાલ કરી. કરોડો આશ્રિત એવા સત્સંગીઓના કલ્યાણ અર્થે દત્તક લીધેલા પુત્રોને આચાર્ય પદે પોતે જ મૂક્યા. આમ શ્રી અયોધ્યાપ્રસાદજી કાળુપુર શ્રીનરનારાયણદેવ ગાદીના પ્રથમ આચાર્ય બન્યા. જ્યારે શ્રી રઘુવીરપ્રસાદજી વડતાલ ગાદીના પ્રથમ આચાર્ય બન્યા. પરંપરા યુક્ત આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીના છઠ્ઠા વંશજ એવા પરમ પૂજ્ય મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જીવનની ઝલક અહીં રજૂ કરી છે.

અમેરિકન લેખક વિલીયમ વર્ષો પહેલા ભારત આવેલા. આધ્યાત્મિક ભારત - આધ્યાત્મિક જ્ઞાન અને તેની સાથે જોડાયેલા ધર્મના વડાઓ વિષે કંઈક લખવા માંગતા હતા. ભારતના આધ્યાત્મિક ધર્મગુરુઓ વિષે એમણે ખૂબ જ સારું સાંભળ્યું હતું. અગણિત સ્થળોએ ભારત આવી ફર્યા. સેંકડોની સંખ્યામાં આવા ધર્મગુરુઓને મળ્યા પણ નિરાશા જેવું વદન લઈ ફરતા રહ્યાં. સંતોષજનક કોઈનો મેળાપ ના થયો. એમ કરતા કરતા અમદાવાદ સ્વામિનારાયણ મંદિર કાળુપુરમાં ગયા. ત્યાં એમની આ શોધખોળ અટકી ગઈ.

સૌમ્ય, સરળ, સાદાઈભર્યા, અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા સહેજે સહેજે વગર વાર્તાલાપ વગર દ્રષ્ટિ ચોંટી જાય એવું આકર્ષણ ધરાવતા, આધ્યાત્મિક જ્ઞાનના ભંડાર સમા, સાધન પરાયણ તે વખતના ધર્માચાર્ય શ્રી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજીને મળ્યા. કંઈક વાતો થઈ. સંપર્કમાં આવ્યા તેમનાથી પ્રભાવિત થઈ વિલિયમે તેમના ફોટાઓ કેમેરામાં કેદ કર્યા. તેમના વિષે નોંધ બનાવી. અમેરિકા પરત ફર્યા બાદ પુસ્તક લખ્યું. તેમાં એવો ઉલ્લેખ કર્યો જે.

આ ધર્માચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજીથી હું ખૂબ પ્રભાવિત થયો છું. ઈન્દ્ર જેવું તેજ - લાવણ્યમય ચહેરો, વાત કરવાની સીધી સાદી સરળ રીત, મોટાઈ વગરનું પ્રતિભાભર્યું જીવન, આધ્યાત્મિક જ્ઞાનના સૂમેળ જોઈ એમને નમન કરું છું. મારી માન્યતા ધર્મગુરુ કેવા હોય તે અહીં પૂર્ણ થાય છે. હું મારા જીવનને ધન્ય માનું છું. સમય જતા ડેટ્રોઈટ (મિશીગન-યુ.એસ.એ.) મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ત્યાં આવીનો મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીના ચરણોમાં વંદન કર્યા.

આવા પૂજ્ય મોટા બાપજીના આચાર્ય પદ નીચે સેંકડો નાના મોટા મંદિરો દેશ-વિદેશમાં થયા. જેના માધ્યમે કરીને યુવાપેઢીથી માંડી બધા જ વર્ગો સુધી મનના વિકારોને દૂર કરવાની, વ્યસનોથી પર થવાની શક્તિ પ્રદાન થઈ વિદ્યા સંકુલોની સ્થાપના થઈ. પ્રકૃતિના તાંડવ સામે થયેલી તારાજીઓમાં પણ મદદગાર થઈ, એમણે મહાપુરુષ જેવું બિરુદ પામીને સેવા કરી. પરદેશની ધરતી અમેરિકા, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, આરબ કન્ટ્રી, આફ્રિકા, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં વિચરણ કરી સ્વામિનારાયણ સંપ્રદાયને ઓળખાવ્યો. તેમજ ત્યાં વસતા નાના-મોટા ભારતીય સમાજોમાં સાત્વિક જીવન જીવવાનો રાહ બતાવ્યો.

વર્ષ ૧૯૭૮ માં અમેરિકા જેવા ખંડના યુનાઈટેડ સ્ટેટસમાં જઈ એક જબરજસ્ત અભિયાન ચલાવ્યું. રાત્રિ-દિવસ જોયા વગર કેવળ ધર્મ ઉપદેશ અને માનવ ઉત્કર્ષના બી વાવ્યા. અને આજે એના પ્રતાપે અગણિત મંદિરો ત્યાં ઊભા થયા. આમ આઈ.એસ.એસ.ઓ. નામની સંસ્થા સ્થાપીને નવી પેઢીને દૂષણોથી દૂર રાખવાનું કાર્ય કર્યું. સિત્તેર વર્ષની ઉંમરે પહોંચવા છતા એક યુવાનને શરમાવે તેવી દિનચર્યા સાથે સમાજને સાચી સમજણ આપી રહ્યાં છે. જે સ્થળે એમની વાણી દ્વારા ઘણું બધું પીરસાયું છે. અહીં થોડાક દ્રષ્ટાંત સ્વયં સાંભળેલા-જોયેલા-જાણેલા અહીં લખ્યા છે.

આચાર્ય પદ ઉપર હતા ત્યારે લંડન ગયેલા. મંદિરમાં પ્રસંગ હતો. એક હરિભક્તે એમને રાડો ઘડિયાળ ભેટ કરેલ જે પર્સનલ વપરાશ માટે આપેલ. નવું નવું મંદિર બનેલ જેથી મંદિરમાં પણ આર્થિક નાણાભીડ હતી. આ વાત બાપજી જાણતા હતા. એટલે એમણે દીર્ઘદ્રષ્ટિ વાપરી. ઘડિયાળ સભામાં બતાવી બોલ્યા આ ઘડિયાળ જે હરિભક્ત પ્રસાદીરૂપે લેવા ઈચ્છતા હોય તો. જે વધારે એમાઉન્ટ પાઉન્ડમાં આપશે તેને ઘનશ્યામ મહારાજ વતી અમે પહેરાવીશું. જોતજોતામાં આ ઘડિયાળ ૬૦૦૦ પાઉન્ડ લઈ સેવા એક હરિભક્તે લીધી. આમ ૬૦ પાઉન્ડના ઘડિયાળના ૬૦૦૦ પાઉન્ડ મંદિરના વિકાસ માટે આપી દીધા. કેવી ઉદારતા ! કેવું સમર્પણ !

અમેરિકાના મીશીગન સ્ટેટસમાં હરિભક્તોને ત્યાં પધરામણીએ ગયેલા. સાથે ઠાકોરજીનું સ્વરૂપ, સંતો થોડાક હરિભક્તો પણ હતા. જે હરિભક્તને ત્યાં ગયા. ત્યાં કોઈ કારણસર મુખ્ય રૂમમાં લાઈટનો બલ્બ ઉડી ગયો હતો. તે લાઈટ સામાન્ય ઊંચાઈ કરતા થોડી વધારે ઊંચાઈ પર હતી. હરિભક્તો તેમજ તે ઘરના પુરુષ સભ્યો તે બલ્બ ભરાવી શકે તેટલી ઊંચાઈવાળા નહોતા. તેમજ એવું કોઈ ટેબલ કે ખુરશી પણ ત્યાં નહોતા કે તેના આધારે આ બલ્બ બદલી શકાય. આ વાતની નોંધ બાપજીને થઈ. તુર્ત જ બોલ્યા. લાવો બલ્બ અમે ભરાવી દઈએ. અમે ઊંચા છીએ. બાપજીએ બલ્બ ભરાવી દીધો. લાઈટ થઈ. પ્રકાશ થયો. હરિભક્તો બોલ્યા, બાપજી ! આપે તકલીફ લીધી ! ત્યારે બાપજી બોલ્યા - અંધારામાં પ્રકાશ કરવાનું કામ અમારું છે. અમારા મોટા દાદા (ભગવાન શ્રી સ્વામિનારાયણ) એ આ કરવા તો અમને રાખ્યા છે. વિચારજો. કેવી સમજ ! કેવી આત્મીયતા હરિભક્તો માટે.

થોડાક વર્ષો પહેલા સ્વયં નિર્ણય લઈ સંપ્રદાયનું આચાર્ય પદ સ્થાન છોડી નિવૃત્તિ લીધી પણ ત્યાં ન અટક્યા. એક મોટું કામ હાથમાં લીધું. સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના આ પૃથ્વી ઉપરના વિચરણ દરમ્યાન શ્રીહરિના ઉપયોગમાં આવેલ પદાર્થો, તેમનો સ્પર્શ પામેલી વસ્તુઓની જુદી જુદી જગ્યાએ જાળવણી થતી નહોતી તેમજ તેની પવિત્રતા પણ જળવાતી નહોતી. તેમજ બધા સત્સંગીઓ દર્શનથી પણ વંચિત રહેતા તેમજ કાળજી વગર બગડી જતી જોઈ તેમણે પોતાના નિવૃત થયેલ શેષ જીવનને એ માટે ન્યોછાવર કરવાનું કર્યું. સંત હરિભક્તોના સાથ સહકારથી જબરજસ્ત આધુનિક કક્ષાનું સંગ્રહસ્થાન ન ભૂતો ન ભવિષ્યતિ જેવું કરોડો રૂપિયાના ખર્ચે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બનાવી, આ બધી પ્રસાદીની વસ્તુઓની માવજત કરી. તેમજ સુંદર રીતે ગોઠવી આશ્રિત એવા ભક્તોને દર્શન સુખ મળે તેમ આયોજન કર્યું. એટલું જ નહીં પણ પોતાના આચાર્ય પરંપરાની વારસાગત આવતી તમામ ભગવાનના સમયની વસ્તુઓ પણ વિના સંકોચે ત્યાં રાખી દીધી. આજે પણ પ્રતિદિન નિયમિત રીતે તેની સંભાળ તેમજ આયોજન માટે ત્યાં સેવા આપી રહ્યાં છે. દર્શનાર્થીઓ જેમ ૨૦ રૂપિયા આપી જોઈ શકે તેવી જ રીતે તેઓશ્રી પણ ૨૦ રૂપિયાની ટીકીટ લઈને જ જતા હોય છે. જબરી સમજણ, ધન્ય છે એમની અસાધારણ સમજને !

બોસ્ટનથી (યુ.એસ.એ.), ટોરેન્ટો (કેનેડા) ધર્મના ઉપદેશ અર્થે થોડાક વર્ષ પૂર્વે પધારેલા. સાથે હરિભક્તો તેમજ સંતો હતા. સાંજના બોસ્ટનમાં સભા પતાવી એક સામાન્ય કક્ષાની ક્યુબ વાનમાં ઓવરનાઈટ પધારેલા. સમગ્ર રસ્તામાં આશરે ૮૦૦ માઈલ દરમ્યાન ડ્રાયવર અને બાપજી કેવળ જાગતા રહ્યાં. બાકીના સૂઈ ગયા. ટોરોન્ટો પહોંચી સવારની નિત્યવિધિ પતાવી ફરી ભગવાન ઓળખાવવા નીકળી પડ્યા. કેવી ખપ છે. માનવ કલ્યાણની !

વિનય, વિવેક, વિનમ્રતાની સાક્ષાત્ મૂર્તિ જોઈ લો

પાના નં. ૧૨ પર

શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.મોટા મહારાજશ્રીની સાથે અમારી સિક્કિમ-દાર્જીલીંગ યાત્રા

# ફૂલોની સાથે ઝાકળનો સત્સંગ

-પ્રફુલ ખરસાણી



પ.પૂ. મોટા મહારાજશ્રી હવે નિવૃત્ત છે અને એમણે જાતે પસંદ કરેલ આ ઘટનાને તેઓ મનભરી ને માણે છે. શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમથી થોડો સમય કાઢી, દુનિયાના ખૂણે ખૂણે ફરી કુદરતની મજા લઇ, સંગીતની મજા લઇ, પોતાના ફોટોગ્રાફીના શોખને પૂરો કરી રહ્યાં છે. આચાર્ય પદે રહીને સત્સંગ માટે તો તેમણે અનેક યાત્રાઓ કરી. કદાચ ત્રણ-ચાર વાર મંગળ પર જઇ પાછા આવવા જેટલી યાત્રા તેમણે સત્સંગ માટે કરી હશે પરંતુ હવેની યાત્રા પોતાના નામે પોતાના અવસરમાં સામેલ થવા માટેની હોય છે.

તાજેતરમાં પ.પૂ. બાપજી સાથે સિક્કિમ અને દાર્જીલીંગની યાત્રામાં અમને પચીસેક જણાને જોડાવાનો લાભ મળ્યો.

સિક્કિમ પહોંચતા જ ત્યાંના કુદરતી વાતાવરણને માણવાનો અવસર મળ્યો જ પરંતુ સાથે સાથે ત્યાંના એક એક ખૂણાની સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી હતી. ત્યાંના લોકો શિસ્તબદ્ધ રીતે કાયદાનું પાલન કરતાં જોવા મળ્યાં અને નાનામાં નાના માણસને પણ આનંદમાં હરતો ફરતો જોયો. ત્યાં કોઇ સોગીયું મોઢું લઇને ફરતો અમે નિહાળ્યો નહોતો. અરે ! જંગલમાં અમે ધોધ જોવા નીકળ્યા ત્યારે અમારી પાંચેય ગાડીના ડ્રાયવરોએ ભેગા મળીને એટલા વિસ્તારમાંથી પર્યટકોએ વેરેલો કચરો પાણીની ખાલી બોટલો વગેરે ભેગી કરી બાળીને તેનો નાશ કરી તે જગ્યાને પણ સ્વચ્છ બનાવી દીધી હતી. આવું પોતીકા પણું ત્યાંની પ્રજામાં જોવા મળ્યું.


અન્ય સ્થળોએ જોવા મળતા વિરોધાભાસનો અહીં શૂન્યાવકાશ હતો. કુદરતી સૌન્દર્યની છલોછલ પર્યટક સ્થળોએ ત્યાંની પ્રજા ગરીબ અને લઘર વઘર જોવા મળતી હોય છે પણ અહીં પ્રકૃતિ અને પુરૂષ બધું જાણે એક રસ જોવા મળ્યા. ઉપર આભના કેનવાસમાં સેકન્ડે સેકન્ડે કુદરત દ્વારા એક નવું જ આલ્હાદક ચિત્ર રચાતું અને નીચે પૃથ્વી પરના લોકો જાણે તૈયાર થઇ પ્રકૃતિને વધાવવા ફરતા હોય તેમ જણાતા. ચહલપહલને ચંપલની જેમ બહાર ઉતારી અંદરથી અમે પણ એકદમ શાંત હતા. એવી ઈશ્વરીય ક્ષણનો સાક્ષાત્કાર કહો કે સ્વયં ઈશ્વરનો સાક્ષાત્કાર થવાનો આભાસ થતો. કહે છે ને કે ગુરૂ જ ઈશ્વર સુધી પહોંચવાની સીડી છે તે આનું નામ. પૂ.બાપજીના કારણે આ તક અમને સાંપડી.

આ આખી ઘટના વચ્ચે બાપજીનાં આંગળીના ટેરવા તે ઈશ્વરીય ક્ષણોને કેમેરામાં કંડારવાનું ચૂકતા નહીં.

૧૬૦૦૦ ફૂટની ઉંચાઇએ લાચુંગ શહેરમાં તો દિવસ સાવ ટૂંકો લાગતો. મને લાગે છે દિવસ તો અહીંની જેમજ હશે પણ ત્યાંના વાતાવરણને માણવાના અભરખાને કારણે અમને ટૂંકો લાગતો હશે. અમે ત્યાં જે હોટલમાં ઉતર્યા હતાં તે હોટલના માલિક એક બહેન હતાં તેમણે પોતાના અંતરમાં પ.પૂ.બાપજીના દર્શન માત્રથી એવી અનુભૂતિ થઇ કે તેમણે તે ધન્યતા એકપણ અક્ષર બોલીને વ્યક્ત કરવાને બદલે અમારી અદ્‌ભુત આગતા સ્વાગતા કરીને દર્શાવી હતી.

દાર્જીલીંગમાં અમે જ્યાં ઉતર્યા હતા તે હોટલ સેન્ટ્રલ હેરીટેજની નજીકમાં આવેલ કલકત્તા બીડ્‌સના માલિક બહેનને પણ કંઇક આવીજ અનુભૂતિ થઇ હશે. બન્યું એમકે પૂ.બાપજી સાથે અમે સૌ દાર્જીલીંગના બજારમાં લટાર મારવા નીકળ્યાં હતાં. પેલા બહેનની દુકાનમાં બધા

પાના નં. ૧૨ પર





# વચનામૃત
## વિશે વિચાર-વિમર્શ

- મહાદેવ ધોરિયાણી

સાહિત્ય માનવ જીવનનું ઘડતર કરે છે. શિષ્ટ અને ઉચ્ચ સાહિત્ય જ માનવીને ઊંચી ભૂમિકાએ લઈ જાય છે. જેમાં સૌનું હિત સમાયું છે તે સાહિત્ય. જેવું સાહિત્ય વંચાય તેવું મનનું ઘડતર થાય છે. 'વચનામૃત' એ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો એક અગત્યનો આધ્યાત્મિક સાહિત્ય ગ્રંથ છે. આ પ્રશ્નોત્તરી દ્વારા સદુપદેશ આપેલો અપૂર્વ, અદ્‌ભુત, અનેરો અનોખો અને અજોડ ગ્રંથ છે, જે તત્વજ્ઞાનમાં રસ ધરાવતા સર્વને અત્યંત ઉપયોગી દળદાર ગ્રંથ છે; જેમાં ૨૭૩ વચનામૃતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ ગીતા, ભાગવત, ઉપનિષદ આદિ સર્વ સત્‌શાસ્ત્રોના સારથી સભર છે. આધ્યાત્મિકતાના અનેક ગૂઢ પ્રશ્નોના જવાબો તેમાંથી મળી રહે છે. આ વચનામૃતનો આશય મુમુક્ષુજનના આધ્યાત્મિક જીવન ઘડતરનો અને આત્યંતિક કલ્યાણને માર્ગે ઉત્તરોત્તર ગમન કરવાની પ્રેરણા આપવાનો છે. સહજાનંદ સ્વામીએ આચાર શુદ્ધિ અને સંયમ ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે.

સહજાનંદ સ્વામીએ પોતાના સંપ્રદાયના પ્રચાર અને પ્રસાર અર્થે ગુજરાત-સૌરાષ્ટ્રમાં વિચરણ કરીને જે પ્રવચનો અને ઉપદેશ લોકોને આપેલો છે તે ઉપદેશ, 'વચનામૃત' માં સંઘરાયો છે. 'વચનામૃત' ગદ્યકૃતિ ગણાય છે, જે સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં મહત્વની કૃતિ છે. તેનું સ્વરૂપ પ્રશ્નોત્તર પદ્ધતિનું છે, તેમાં જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વિશે સરળ અને લોકભોગ્ય ભાષામાં વિશદ ચર્ચા છે. વેદાંતજ્ઞાન, ધર્મસાધના, અને ઉપાસના બાબત ધાર્મિક અને બોધક વિચારકણો અને ચિંતનકણિકાઓ આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં કુસંગનો ત્યાગ કરવાનું અને વ્યસનમુક્તિ વિશે કહેવામાં આવ્યું છે, અને સત્સંગનો મહિમા વારંવાર ગાવામાં આવ્યો છે. કુડાપંથી, વેદાંતપંથી, શક્તિપંથી અને નાસ્તિક - એવા ચાર પ્રકારના કુસંગીઓ સહજાનંદ સ્વામીએ દર્શાવ્યા છે.

સત્સંગીએ ભગવાનની મૂર્તિનું ધ્યાન ધરી હમેશાં ભક્તિમાં રત રહેવું જોઈએ. ભક્તિમાં આવરણ નાખનાર માયાથી તેણે સદા સાવચેત રહેવું જોઈએ. માયાને જીતનારને સહજાનંદ સ્વામીએ 'નિષ્કામ ભક્ત' કહ્યો છે. તેમણે મુક્તિના ચાર પ્રકાર દર્શાવ્યા છે; અને સાચો ભક્ત મુક્તિ ન ઈચ્છે એમ તેઓ માને છે. ''ઊતરી જાયે મોક્ષના ય પણ મોહ !'' વિષયત્યાગ અને ઈન્દ્રિયવિજય દ્વારા મનને કાબૂમાં રાખી શકાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે સત્સંગીના શત્રુઓ છે. આ અંતઃશત્રુઓને જીતવાનો બોધ સહજાનંદ સ્વામી અનેક વચનામૃતોમાં કરે છે. ક્રોધી, કપટી, અદેખો અને અભિમાની માણસ સત્સંગી હોય તો પણ ત્યાગને પાત્ર છે, એમ તેઓ કહે છે. 'વચનામૃત' સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે.

આ સંપ્રદાય સગુણ ભક્તિમાં માને છે, ઉપાસનાને ખૂબ જ ફળદાયી માનાવવામાં આવે છે. સહજાનંદ સ્વામી ભગવાનની ભક્તિ કરવાનું ભારપૂર્વક કહે છે અને ભક્તિમાં આડખીલી કરનારનો તરત જ ત્યાગ કરવાનું સૂચવે છે. આ ગ્રંથમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનું સરળ ભાષામાં નિરૂપણ થયું છે. સહજાનંદ સ્વામીની વાર્તાલાપની શૈલી વિશદ સરળ અને આત્મીયતાસભર છે. શ્રોતાઓ નિકટતાનો અનુભવ કરે છે. વચનામૃત વાંચતાં આજથી આશરે બસો વર્ષ પહેલાં બોલાતી ગુજરાતી ભાષાના સ્વરૂપનો ખ્યાલ મળે છે. સૌરાષ્ટ્રના તળપદા ગદ્યનું સ્વરૂપ આબેહૂબ જળવાયું છે. એક ગદ્યકૃતિ તરીકે 'વચનામૃત' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક મહત્વ ધરાવે છે. સહજાનંદ

સ્વામી જેવી પરમ પૂજનીય અને વંદનીય વિભૂતિનાં સદ્ઉપદેશસભર વચનો ગુજરાતી પ્રજાને સૈકાઓ સુધી માર્ગદર્શન આપશે એ નિઃસંદેહ છે. કારણ કે ભગવાનના મુખ દ્વારા આ ગ્રંથમાં અલભ્ય અમૃતવાણી વાચકવૃંદને વાંચવા મળે છે, જે 'વચનામૃત' રૂપી અમૃતવાણી ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખમાંથી અવતરી છે. એમના મુખમાંથી જે અમૃતવાણી અવતરી અને તેનું જે શાસ્ત્ર રચાયું તે 'શ્રુતિ' કહેવાય છે, અને ઋષિમુનિઓના સદ્ઉપદેશ દ્વારા જે શાસ્ત્રોનું નિર્માણ થયું તે 'સ્મૃતિ' કહેવાય છે. આ 'વચનામૃત' રૂપી શાસ્ત્ર તો ગુજરાતી સાહિત્યમાં તેમજ સર્વ શાસ્ત્રોમાં 'શિરમોર' ગણી શકાય. કારણ કે તે સમગ્ર સાધનાના ફળરૂપ છે. આ ગ્રંથ શંકા, કુશંકા, સંશય વગેરેને મૂળમાંથી દૂર કરે છે. આ ગ્રંથમાં સર્વ શાસ્ત્રોનો નિચોડ આવી જાય છે. શ્રી ઉમાશંકર જોષીના શબ્દોમાં કહીએ તો ''વચનામૃત'' નો ગ્રંથ એ ગુજરાતી ગદ્યસિદ્ધિનું એક ઉત્તુંગ શિખર છે.''

પાના નં. ૯ પરનું

નાનો કે મોટા માનવ સમુદાય હોય કે નાનું ગામ હોય કે દેશ હોય કે પરદેશ નાના સંતો સાથે હોય કે મોટા સંતો હોય એમની અમીદ્રષ્ટિ નિરંતર સરખી જ જોવા મળી છે. સમભાવ-સમદ્રષ્ટિમાં તેઓ સહજાનંદથી સહેજે ઉતરતા નથી. સમયસૂચકતા સમય સાથેની નિયમિતતા તો એમની મોટી ખાસિયત છે.

બે વર્ષ પૂર્વે સપ્ટેમ્બર માસની અગિયારમી તારીખે હડસન નદીને કિનારે ન્યુજર્સી, યુ.એસ.એ. (૯-૧૧) ની તિથિએ એક સભાને સમભાવ કેળવવા તેમજ સમ દ્રષ્ટિ ગુણ કેળવવા અનુરોધ કરેલ. જેમાં સેંકડો અમેરિકન અધિકારીએ તેમજ અમેરિકન નાગરિકો હાજર હતા. જેની નોંધ ગુગલ ફેસબુકમાં દર્શાવવામાં આવી. જે એમની મોટી વિશેષતા બતાવે છે.

આવા દિવ્યપુરુષ, આવા અસાધારણ વ્યક્તિ, આવા મોટા મહારાજશ્રી વિષે લખતા ક્યારેય કલમ ના અટકી શકે. એમનું વિચરણ, એમની માનવ ઉત્કર્ષની સેવાઓ વણથંભી ધર્મયાત્રાઓ એમના કથાવાર્તાના ક્રમે ઉપદેશ વાણીના કહેતા ઉપચારવાણી અદ્વિતીય છે. આવી વિભૂતિના દર્શન માત્ર જીવનનો ફેરો સફળ કરી અક્ષરધામનું સુખ અપાવે એમ છે.

કોટી કોટી વંદન પૂજ્ય મોટા બાપજી ! શતશત જીવો પૂજ્ય મોટા બાપજી !!!

પાના નં. ૧૦ પરનું

અંદર ખરીદી કરવા ગયા ત્યારે બાપજી પણ ઘડીક ત્યાં રોકાઈ હોટલ પર જવા રવાના થયા. પરંતુ તેમના ગયા બાદ પેલી દુકાનના માલિક બહેને ભાઈ શ્રી સંદિપને પૂછ્યું કે આ ગયા તે મહાપુરૂષ કોણ હતા ? તેમના દર્શન માત્રથી મારા અંતરમાં નિરવ શાંતિનો અનુભવ થવા લાગ્યો છે. તેથી સંદિપભાઈએ પૂ.બાપજીની ઓળખ આપી ત્યારે પેલા બહેન ખૂબ પસ્તાવો કરી કહેવા લાગ્યા કે તેમને મારી દુકાનમાં પગલાં કરાવવા હતાં...પાછા ના આવે ? હું કેવી અભાગી પહેલા ના ઓળખી શકી.....વગેરે બોલી બોલી સંતાપ કરવા લાગી અને ખાસ મારા નમસ્તે તેમને કહેજો તેમ કહેવા લાગી.

બીજા એક પ્રસંગમાં દાર્જીલીંગના બજારમાં પૂ.બાપજીની સામે ચાલતા આવતા એક જાપાનીઝ યુગલને પણ એવો અનુભવ થયો. તેઓ બન્ને જણા એક સાથે તેમની આગવી શૈલીમાં બાપજીને વંદન કરવા લાગ્યા. ત્યારે સાથે રહેલ પ.ભ.કરશનભાઈ તે યુગલને પૂછવા પાછળ રહી ગયા. તેમણે પૂછ્યું કે તમે અમારા બાપજીને ઓળખો છો ? ત્યારે તે યુગલે જવાબ આપ્યો ના, પરંતુ તેમના દર્શન માત્રથી અમને અંતરમાં એકદમ શાંતિનો અનુભવ થયેલો તેથી જ લાગ્યું કે નક્કી આ કોઈ ઈશ્વરીય અવતાર છે માટે અમે પગે લાગ્યા.

આવા પૂ.બાપજીના સાનિધ્યમાં સતત ૧૦ દિવસ સાંપડ્યા હતા અને બોનસમાં ઈશ્વરીય વાતાવરણ ! પછી અમારા આનંદની સીમા જ ના રહે. તે તો અમે જ્યારે '૦' પોઈન્ટ ચાઈના બોર્ડર પર બરફાચ્છાદિત વિસ્તારમાં ગયા ત્યારે ભાગ્યેજ બોલતા ખૂબ સરળ એવા કરશનભાઈ રાઘવાણી, વિઠ્ઠલકાકા, કાંતિભાઈ પટેલ અને નરેશભાઈ ભાવસાર રમેશભાઈ (દોરડાવાળા) ને નાના છોકરાની જેમ બરફમાં કૂદકા મારી બરફને બધા ઉપર ઉડાડતા જોઈને જ આવી જાય.

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ઉદ્‌ભવ સ્થાન

- જયંતીભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

સત્સંગી માત્ર આ વાતથી વિદિત હશે જ કે વિશ્વમાં સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપનાનો પાયો સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં કાલુપુર ખાતે મંદિરનું નિર્માણ કરાવીને નાંખેલ છે. નિજ મંદિરમાં મુખ્ય દેવ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા શ્રીહરિએ સંવત ૧૮૭૮ ફાગણ સુદ-ત્રીજ ને સોમવાર તા. ૨૪-૨-૧૮૨૨ ના રોજ કરેલ છે. શ્રી નરનારાયણદેવે ભક્તિ-ધર્મ થકી અવતાર ધારણ કર્યો છે. માટે આ શ્રી નરનારાયણદેવને અમે અમારુ રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રીનરનારાયણે વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ. અમે સ્થાપન કરેલ આ નરનારાયણદેવનો અમારે ક્યારેય વિયોગ નથી. એટલા માટે અમે કરેલા સર્વ મંદિરો કરતા આ મંદિર શ્રેષ્ઠ છે. અક્ષરધામના અધિપતિ સાક્ષાત્ પરમાત્માં આ મંદિરમાં અખંડ બિરાજે છે. છતા હે ભક્તો અમારા સ્થાપેલા મંદિરોમાં અમે જે જે સ્વરૂપો પધરાવ્યા છે એ સ્વરૂપો અમારા જ છે. પણ એવું ન સમજતા કે આ સ્વરૂપ બહુ મોટું આ સ્વરૂપ બહુ નાનું છે. બધા જ સ્વરૂપો અમારા જ છે. પણ અમદાવાદમાં સૌ પ્રથમ મંદિર બનાવ્યું છે. અને આ મંદિર અમોને બહુ પ્રિય છે. બાકી બધા સ્વરૂપોમાં કોઈ દહાડો ભેદની કલ્પના કરતા નહિ.

સંપ્રદાયનો પાયો અમદાવાદ મંદિરથી શા માટે નાખ્યો તેનાં કારણોમાં જણાવે છે કે, સૌ પ્રથમ શ્રીજી મહારાજ વિ.સં. ૧૮૫૫ નાં અરસામાં તપસ્વીના વેષે નિલકંઠસ્વરૂપે અમદાવાદમાં શહેરની દક્ષિણે કાંકરિયા તળાવ ઉપર પધારી ત્યાં સ્નાન કરી અને કાંકરિયા તળાવનાં ગરનાળા ઉપર બેસી નિત્યવિધિ કરવા લાગ્યા ત્યારે શહેરમાં ખબર પ્રસરી ગઈ કે કાંકરિયા તળાવ ઉપર એક મહાતપસ્વી અને ચમત્કારી બાળયોગી આવ્યા છે. જેથી શહેરના ભાવિક ભક્તો દર્શને ઉમટ્યા. તેમને શ્રીહરિ ધર્મનો અને મોક્ષનો ઉપદેશ આપતા, ક્યારેક ક્યારેક ચમત્કારો પણ બતાવતા જેથી ઘણા બધા લોકો શ્રીહરિ તરફ આકર્ષાયા અને તેમના આશ્રિત બની ગયા. અહીં દરરોજનાં ક્રમ મુજબ અમદાવાદનાં સર્વે શ્રેષ્ઠીઓ પણ આવવા લાગ્યા. અમદાવાદમાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના શિષ્યો પણ આજુબાજુનાં ગામડાઓમાં વિચરણ કરતા હતા. તેમને પણ કાંકરિયા તળાવ ઉપર અનેક લોકો બાળયોગીના દર્શને જાય છે તો આપણે પણ ત્યાં જવું તેવું નક્કી કરી કાંકરિયા તળાવ ઉપર શ્રીહરિનાં દર્શનમાત્રથી જ મનની વૃત્તિઓ ખેંચાઈ ગઈ, આજ સુધી રામાનંદ સ્વામી સિવાય અન્યમાં ક્યાંય વૃત્તિ ચોંટે નહિ છતાં આજે આ બાળયોગીમાં વૃત્તિ ચોંટી ગઈ ! અંગ્રેજ સરકારનાં એરણ સાહેબને પણ આ બધી માહિતી મળી અને પોતાને ત્યાં પધરાવવા આતુરતા થઈ. જેથી એરણ સાહેબે તેમનાં ચોંપદારને શ્રીહરિને બંગલે બોલાવી લાવવા મોકલ્યા, તેમના અતિ આગ્રહને વશ થઈ. શ્રીહરિ એરણ સાહેબનાં બંગલે પધરામણી કરી. ઘણી બધી લાંબી ચર્ચાને અંતે એરણ સાહેબે શ્રીહરિને અમદાવાદમાં મંદિર બાંધવા જગ્યા આપવા આગ્રહ કર્યો અને વિનંતી કરી કે અહીં આપનું મંદિર કરી અમારું આ લોકમાં તેમજ

પાના નં. ૧૫ પર

# સત્સંગી થયા પછી નારૂપંત નાના જેવો દ્રઢ નિશ્ચય રાખવો

- ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર-અમદાવાદ)

નારૂપંત નાના વડોદરા મહારાજા સયાજીરાવ સરકારના ખાનગી કારભારી હતા. તે મહા વિચક્ષણ અને કાબેલ હતા. વળી શાક્ત પંથમાં સર્વથી અગ્રણી હતા. તેમને મહિષાસુરી તથા ચામુંડા દેવી પ્રત્યક્ષ દર્શન આપતા હતા. તેમને ઘેર તે દેવીઓની પરાપૂર્વથી સ્થાપના હતી. દેવીને તે સર્વોપરી માનતા.

વડોદરામાં શ્રીહરિની આજ્ઞાથી યોગીવર્ય સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી મુમુક્ષુજનોને સત્સંગ કરાવવા રહ્યાં હતા. સ્વામીના ઐશ્વર્ય પ્રતાપ અને વાતોથી હજારો લોકો શ્રીહરિના શરણે થતા હતા. સાચી હકીકત જાણવા માટે સરકારે પોતાના અનેક પદાધિકારીઓ પૈકી એક પોતાના કારભારી નાના સાહેબને પણ સ્વામી પાસે મોકલ્યા. સ્વામીએ તેમનું સન્માન કરી આસન નંખાવી સભામાં આગળ બેસાડ્યા. સ્વામીએ તેમને મહામાયાનું સ્વરૂપ, ભગવાનનું સ્વરૂપ, ચાર પ્રકારના પ્રલય, ભગવાનનું ધામ, શ્રીહરિનું પ્રગટ થયુ વગેરે સમજાવ્યું તેથી તેમનું અજ્ઞાન નાશ પામ્યું અને સ્વામીને દેવ જેવા જાણ્યા. તેમનો નિશ્ચય દ્રઢ કરાવવા માટે શ્રીહરિની ઈચ્છાથી એ જ રાત્રિએ એવું બન્યું કે નારૂપંત રાત્રે સૂતા હતા ત્યાં મહિમાસુરી અને ચામુંડા એ બે દેવીઓ તેમને પ્રત્યક્ષ દર્શન દઈને બોલી કે, અરે નારૂપંત! ઉઠ, ઉઠ, આ જો! હનુમાનજી તથા ગણપતિ બન્ને દેવ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલતા આવીને અંકુશ અને ગદા ઉગામી અમને કહે છે કે નારૂપંત ગોપાળ સ્વામીના ઉપદેશથી સત્સંગી થયા છે, માટે તમે હવે અહીંથી ચાલ્યા જાઓ. તું અમારો ભક્ત છે માટે તને અમે તારા હિતની વાત કહીએ છીએ કે સ્વામિનારાયણ નક્કી ભગવાન છે. માટે તું તેમનું ભજન કરજે અને તારા ઘરમાં અમારી સ્થાપના છે, તે ઉઠાવીને બહુચરાજી માતાના કુંડમાં મૂકી આવજે. અમે બન્ને અહીંથી હવે ત્યાં જઈશું. પછી નારૂપંતે હાથ જોડીને કહ્યું કે, ઓ ગણપતિ મહારાજ, ઓ હનુમાનજી મહારાજ! એ મારી માતાઓને તમે મારશો નહિ. **ત્યારે બન્ને દેવ બોલ્યા કે, હવે એ ક્ષુદ્ર દેવીઓ તારી માતાઓ નથી, તારી માતાઓ તો રાધિકાજી તથા લક્ષ્મીજીને જાણજે અને સ્વામિનારાયણ ભગવાન તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે.** માટે તેમના શિષ્ય જે ગોપાળાનંદ સ્વામી અહીં છે તેમની પાસે જજે અને વર્તમાન ધારણ કરી તેમનાં ગુરૂ જે સ્વામિનારાયણ ભગવાન તેમની નિત્ય પૂજા કરજે. આમ કહીને બંને દેવ ચાલ્યા ગયા કે તરત તેમનાં ઘરમાં દેવીઓનાં સ્થાપન પાસે સો વરસથી જે ઘીનો દીવો અખંડ બળતો હતો તે એની મેળે ઓલવાઈ ગયો, દેવીઓ પણ ત્યાંથી ત્રાસ પામતી જતી રહી. નાના સાહેબ અતિ વિસ્મય પામ્યા અને **સવારમાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ ભજન કરતા દેવીની સ્થાપના, સાંગી અને નાળીયેર એ બધું એક લુગડે બાંધીને સ્મશાન પાસેના છંડીયા કૂવામાં નાંખી આવ્યા.**

સ્નાન કરી, ગોપાળાનંદ સ્વામી પાસેથી વર્તમાન ધારણ કરી પૂજા માટે ગોપાળાનંદ સ્વામી પાસેથી શ્રીહરિની મૂર્તિ સ્વીકારીને સારા સત્સંગી થયા. તેથી તેમની ઈકોતેર પેઢીનાં પૂર્વજોનો ઉદ્ધાર થવાથી તે બધા વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયા, તેથી સ્વર્ગના દેવોએ તેમને પુષ્પથી વધાવી, બે દેવ જેવા જણાતા તેજસ્વી બ્રાહ્મણો દ્વારા સવામણ સાકરનો ટોપલો મોકલ્યો તે સાકર રાજ સભામાં વહેંચી.

કેટલાક દિવસ પછી નાના સાહેબનો બાપુ નામનો દીકરો હતો. તે ઘણો માંદો થયો, તેથી તેની માએ નાના સાહેબને કહ્યું કે તમે કુળ પરંપરાની દેવીની પૂજા કાઢી નાંખી અને ગોપાળ બાવાની શિખામણથી સ્વામિનારાયણને ભગવાન માની તેમની પૂજા તથા ભજન કરો છો, તેથી દેવીઓને કુડું પડ્યું અને તેથી આ છોકરો મરવા પડ્યો છે, એમ કહી દેવીની પ્રાર્થના કરી કે હે માતા! તમે દર્શન આપી મારા બાપુને મટાડી દેજો. નાના સાહેબ આથી ડગ્યા નહીં અને કહ્યું નકટા દેવને હૈડા પૂજારી હોય, આપણે તો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરીશું ભલે

તેમની ઈચ્છા હોય તો બાપુને રહેવા દે અથવા લઈ જાય. એમ બોલતાં તત્કાળ હજારો સંતમંડળ સહિત શ્રીહરિ પધાર્યા. તેમનાં દિવ્ય પ્રકાશથી દશે દિશાઓ તેજસ્વી થઈ ગઈ. નાના સાહેબ શ્રીહરિનાં દર્શન કરી બે હાથ જોડીને હર્ષઘેલા જેવાં થઈ સન્મુખ ઉભા રહ્યાં. તેમને શ્રીહરિએ કહ્યું કે અમે તો બાપુને તેડવા આવ્યા છીએ. તમે સત્સંગી થવાથી તમારી ઈકોતેર પેઢીનાં પૂર્વજોનો અમે ઉદ્ધાર કર્યો છે, તે જ પ્રમાણે બાપુને ભૂત, ભૈરવ અને ભવાનીનાં હાથમાં જવા નહિ દેતાં અમે પોતે જ તેને ધામમાં લઈ જઈશું માટે તેની જનેતાને કહો કે તે દેવીઓની સ્તુતિ કરી બાપુને જીવતો રાખે. પછી નાના સાહેબ ખુશી થઈને બોલ્યા કે હે કૃપાનાથ પ્રભુ ! એ ક્ષુદ્ર દેવીઓને આજ સુધી અજ્ઞાનપણાથી અમે માનતા હતા. પણ હવે તમે પોતે પ્રત્યક્ષ પુરુષોત્તમ દર્શન આપી તેડવા પધાર્યા છો અંતકાળે સંત મંડળ સાથે તમારા દર્શન થવા એ મોટા યોગીઓને પણ અતિ દુર્લભ છે. ધન્ય પ્રભુ ! ધન્ય પ્રભુ ! કૃપાનાથ ! બાપુને સુખેથી લઈ જાઓ. પછી શ્રીહરિના સંત બોલ્યા કે, હે મહારાજ હમણાં કૃપા કરીને બાપુને રહેવા દો, કારણ કે દુર્જન લોક હાંસી કરશે, માટે એમની પાડોસણને ત્રણ પુત્ર છે તેમાં એકને ઘણો મંદવાડ છે. તેને લઈ જઈએ તો ઠીક. શ્રીહરિ કહે બહુ સારું. એમ કહી તે છોકરાને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. (સત્સંગીના પડોશી બનવામાં પણ લાભ !) એ રીતે શ્રીહરિના હજારો લોકોને પ્રત્યક્ષ દર્શન થયાં અને બાપુને મટી ગયું. પછી બાપુ તથા તેની મા ગિરિજાબાઈ બન્ને સારા સત્સંગી થયા અને શ્રીહરિનું ભજન કરવા લાગ્યાં. તે પછી શ્રીહરિએ તેમને હજારો પરચા આપ્યા છે.

શ્રીહરિના સ્વરૂપની યથાર્થ ઓળખાણ ન થાય, જીવમાં પાકો નિશ્ચય ન થાય ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ થવું મુશ્કેલ છે. માટે શ્રીહરિનો દ્રઢ નિશ્ચય કરાવે તેવા સાચા સંતોનો નિશદિન સમાગમ કરવો. શ્રીહરિ સ્થાપિત શ્રીનરનારાયણદેવ તથા ગાદી પરના ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો મહિમા કહે તે સાચા સંતનું લક્ષણ છે.

પાના નં. ૧૩ પરનું

પરલોકમાં સારુ થાય તેમ કરો. આમ અંગ્રેજ સરકારનો અતિ ભાવ જોઈ શ્રીહરિએ મંદિર માટે જગ્યા લેવા સંમત્તિ આપી. ત્યારબાદ સર્વ પ્રથમ મંદિરનું નિર્માણ કાર્ય શિલ્પ શાસ્ત્રના જ્ઞાતા સ.ગુ. આનંદાનંદ સ્વામી મારફતે કરાવ્યું અને તેમાં મુખ્ય દેવ તરીકે બાથમાં ઘાલી શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. અનેક પ્રકારના વિરોધો વચ્ચે પણ ગુજરાતના પાટનગર અમદાવાદમાં શ્રીહરિએ પોતાના ગૂઢ સંકલ્પની પૂર્તિ માટે સંપ્રદાયને પોતાનું કાયમનું સ્વરૂપ આપવા મંદિર નિર્માણ કરાવી આત્યંતિક કલ્યાણનો માર્ગ ખુલ્લો મુક્યો. પ્રતિષ્ઠાના દિવસે શ્રીહરિએ શ્રીનરનારાયણદેવનો મહિમાં તેમજ મોક્ષનો કોલ સ્વમુખે આપેલ છે. જે નીચે મુજબ છે. જે મનુષ્યો આ મંદિરમાં આવી શ્રી નરનારાયણદેવનાં દર્શન કરશે તે નિશ્ચય મોક્ષને પામશે. અમો આ મૂર્તિમાં કાયમ નિવાસ કરીને સર્વ ભક્તોની સેવા અંગીકાર કરી તેમનાં સર્વે મનોરથો પૂર્ણ કરીશું. શ્રી નરનારાયણદેવ આદિકની મહાપૂજા, અભિષેક તેમજ દેવને થાળ કરાવશે, અન્ન, વસ્ત્ર, ધન-આભૂષણ, જમીન, ઘર, વૃક્ષો વગેરે જે જે વસ્તુઓ ભાવથી અર્પણ કરશે તેના ઉપર દેવ રાજી થઈ તેમને અનંતઘણું ફળ આપશે અને અંતે મોક્ષ કરશે. આમ શ્રીહરિએ આ પ્રસાદીનાં આખા મંદિરનું તેમજ દેવોનું માહાત્મ્ય સ્વમુખે કહેલ છે છતાં પણ કેટલાય પોતાના નિજ સ્વાર્થ ખાતર મૂળ સંપ્રદાયના મંદિરની ગરિમાં ઓછી કરવા આવા પવિત્ર સ્થાનને છોડીને અન્યમાં વળગી કે વળગાવીને આ મૂળ સ્થાનનું ઘસાતું કરવાનો બદઈરાદો કરતા સહેજે ડરતા નથી. સર્વ અંતર્યામી શું નહિ જાણતા હોય ? મંદિરની કે દેવની સેવા સ્વયં આપણા ઈષ્ટદેવે કહેલ હોવા છતાં સેવા તો એક બાજુએ રહી પણ કુસેવા નિજસ્વાર્થ ખાતર થાય છે તે ખૂબજ ઘાતક છે. સુજ્ઞ ભક્તો જો ભટકી ગયેલા હોય તો આત્મમંથન કરી પોતનો મોક્ષ સાચો કરવા સત્વરે પરત ફરી દેવ-મંદિરની સેવામાં લાગી જવું તેજ હિતકારી છે.

# આનંદની હેલી

## પાપડનો ટોપલો

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

સ્વામિનારાયણ ભગવાન એકવાર કાઠી ભક્તોની સાથે કોઈ ગામમાં સાંજે પહોંચ્યા. ગામના ભક્તજનો ઉત્સાહી હતા. મહારાજને આજીજી કરવા માંડ્યા કે પ્રભુ ! થાળમાં શું બનાવું ? આજ્ઞા કરો. મહારાજ કહે બહુ હેરાન ન થતા. થાળમાં ફક્ત ખીચડી અને છાશ ચાલશે.

મહારાજની મરજી પ્રમાણે હરિભક્તોએ ખીચડી દહીં અને ઢગલો પાપડ શેકીને તૈયાર કર્યા. સ્વામિનારાયણ ભગવાને બધા કાઠી પાર્ષદોને જમવાની પંક્તિ કરી. ખીચડી પીરસી, દહીં પીરસ્યું ને જય બોલાવી એટલે બધા જમવા લાગ્યા, પણ પાપડનો ટોપલો આખો ભરેલો એમને એમ પડેલો. પીરસવાના રહી ગયેલા. સુરા ખાચરે વિચાર કર્યો કે ખીચડી છે ને સાથે પાપડ હોય તો ઠીક રહે પણ આ અજાણ્યા ગામમાં બધાની વચ્ચે બોલીએ તો અવિવેક લાગે. એટલે કંઈક યુક્તિ કરીએ.

અને બાપુએ વાત માંડી મહારાજ ! આજ સવારે હું જંગલ ગયો હતો. ત્યાં માંડ હું બચ્યો 'કેમ શું થયું' મહારાજે પૂછ્યું અરે પ્રભુ ! એક સાપ જોયો. તે એમાં શી નવાઈ જેવું છે ! એમ કહીને મહારાજે પીરસવામાં ધ્યાન દીધું. એટલે બાપુએ ફરીથી વાત લંબાવી 'મહારાજ ! સાપ જેવો તેવો નહોતો. બહુ જ લાંબો હતો. બોલોને, કેટલો લાંબો હતો ? સાપ તો લાંબા જ હોય છે. કેટલો લાંબો બે હાથ, ત્રણ હાથ કે પાંચ હાથ ?' અરે પ્રભુ ! સાપતો એટલો લાંબો કે હું અહીં બેઠો છું તે અહીંથી લઈને પેલા પાપડના ટોપલા સુધી. એટલો લાંબો સાપ હતો ! આ સાંભળીને કાઠી ભક્તો સુરા બાપુની યુક્તિ પૂર્ણ પાપડ માંગવાની કળા જોઈને હસ્યા.

મહારાજ કહે, એ સાપ એવડો લાંબો નહોતો પણ પાપડ પીરસવા રહી ગયા છે તે તમારી મનોવૃત્તિ એ પાપડના ટોપલા સુધી લાંબી થઈ ગઈ છે. સુરા ખાચરે ધ્યાન દોર્યું એટલે મહારાજ તરત જ પાપડ ઉપાડી પીરસવા લાગ્યા.

સુરા બાપુ સ્વાદીયા ચોક્કસ હતા પરંતુ મુક્ત કોટીના ભક્ત હતા. એકમાત્ર સ્વાદ નામનો દોષ તેમનામાં હતો. તેમની પાસે કોઈપણ વસ્તુની રજૂઆત કરવાની કળા યુક્તિપૂર્ણ અને રમૂજ ભરી હતી.

**ખાસ નોંધ :** શ્રીહરિનું પ્રસાદીનું અલૌકિક સ્થળ રતુ ખાંટનું **મોટી આદરજ** ગામ ગાંધીનગર પાસે આવેલું છે. કારણ આદરજ ગામ અન્ય પણ છે.

**સાભાર સ્વીકાર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી વચનામૃત લોયાનું ૩ જું ના આધારે સંતો-હરિભક્તોના આખ્યાનો સહિત **"નિશ્ચય અને મહિમાનો રસ થાળ"** પુસ્તિકા શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર) દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ





શ્રીજી મહારાજના ત્રણ ગૂઢ સંકલ્પ પૈકી સત્તશાસ્ત્રોની રચના કરવા માટે શ્રીજી મહારાજ સમકાલિન નંદ સંતોએ વેદો ઉપનિષદોનો અભ્યાસ કરી સંપ્રદાય માટે ઘણા શાસ્ત્રોની રચના કરી છે. તે સંતોમાં અમુક સંતોને એ વખતે ચશ્મા હતા તે ચશ્મા પહેરીને પણ તેઓ આવા શાસ્ત્રોની રચના કરતા તેવા આ સ.ગુ.નિત્યાનંદ સ્વામીના ચશ્મા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૨માં રાખવામાં આવેલા છે. તથા નંદ સંતો રચિત લગભગ ૫૦૦ ઉપરાંત હસ્તલિખિત પ્રતો આપણા મ્યુઝિયમમાં છે. હાલ તે બધા પુસ્તકોને આપણી વૈદિક પધ્ધતિથી સાચવણીનું કાર્ય તથા દરેક પુસ્તકનું કોમ્પ્યુટર દ્વારા સ્કેન કરી ડીજીટલાઈઝેશનનું કાર્ય પણ હાલમાં હાથ ધરાયું છે. તેમાંના મોટા ભાગના પુસ્તકો હોલ નં.૨માં રાખવામાં આવેલ છે. તથા અન્ય હસ્ત લિખિત પુસ્તકો હોલ નં.૯માં રાખાવમાં આવેલ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ત્રીજો સ્થાપના દિન

ફાગણ સુદ ત્રીજ તા. ૦૩-૩-૨૦૧૪ ને સોમવારના રોજ નરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ તેમજ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થાપના દિન નિમિત્તે પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મ્યુઝિયમના તૃતિય વાર્ષિક ઉત્સવ નિમિત્તે બપોરે પછી સુંદર મહાપૂજા મહાભિષેક મુખ્ય હોલમાં રાખવામાં આવેલ છે. જેના સહ યજમાનના રૂા. ૧૧૦૦૦/- તથા રૂા. ૫૦૦૦/- નક્કી કરેલ છે. જેમને મહાપૂજામાં બેસવાની ઈચ્છા હોય તેમણે વેલા તે પેલાને ધોરણે નામ લખાવવા વિનંતી ને મુખ્ય યજમાન તથા સહ યજમાન માટે ઓફિસમાં રૂબરૂ સંપર્ક કરવો.

મો. : ૯૯૨૫૦૪૨૬૮૬ (દાસભાઈ) ફોન નં. : ૦૭૯-૨૭૪૮૯૫૯૭

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ડીસેમ્બર-૨૦૧૩

| | |
|---|---|
| રૂા. ૯૧,૧૫૪/- | પ.પૂ.મોટા મહારાજશ્રી બોલ્ટન પધારેલા ત્યારે બાપજીની ચરણભેટ મ્યુઝિયમમાં જમા કરાવેલ છે. |
| રૂા. ૫૦,૬૮૬/- | બોલ્ટન યુ.કે.ના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવના અભિષેક મહાપૂજા પેટે જમા કરાવેલ છે. |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. નારણભાઈ રામજીભાઈ પાંચાણી પરિવાર, દહીંસરા (કચ્છ) હાલ બોલ્ટન (યુ.કે.) |
| રૂા. ૧૨,૦૦૦/- | સત્સંગી હરિભક્ત-અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | જોશી જસંવતલાલ એ. અમદાવાદ. |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. ઝવેરભાઈ વલ્લભભાઈ ઠુમર એપ્રોચ-બાપુનગર |
| રૂા. ૧૧,૧૧૧/- | શકરીબેન ડાહ્યાભાઈ પટેલ-ડાંગરવા, હ. પરેશભાઈ ડાહ્યાભાઈ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી નાડોદા રાજપૂત સમાજ કર્મચારી મંડળ, બળોલ (ભાલ) |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કરસનભાઈ પટેલ-અમદાવાદ |
| રૂા. ૧૦,૦૦૦/- | હરજીવન કરસનદાસ પટેલ-કડી, હ.ડો.દિનેશભાઈ (નવેમ્બર-૧૩ માસના) |
| રૂા. ૫,૯૦૦/- | હમીબેન સવજીભાઈ પરમાર જામસરવાળા (રાજકોટ) |
| રૂા. ૫,૦૦૧/- | નારણભાઈ ચિમનભાઈ મોદી-મહેસાણા |
| રૂા. ૫,૦૦૦/- | મુળજી નાનજી હિરાણી-ભક્તિનગર |
| રૂા. ૫,૦૦૦/- | કમલેશભાઈ એચ. શાહ-અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | શિવમંદિર ચેરિટેબલ ટ્રસ્ટ-ગોડપર (કચ્છ) |
| રૂા. ૫,૦૦૦/- | માવજી ધનજી ખીમાણી-દહીંસરા (કચ્છ) |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ અમરતભાઈ અંબાલાલ ઈશ્વરદાસ, વડુ |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ કાંતિભાઈ શંકરદાસ, વડુ |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ડીસેમ્બર-૨૦૧૩

| | |
|---|---|
| ૮/૧૨/૧૩ | હિતેશ રમેશભાઈ ગુંસાણી-નારણપુરા |
| ૨૨/૧૨/૧૩ | ડૉ. નરેન્દ્રભાઈ ડી. ભાવસાર-મહેસાણા (સવારે) |
| ૨૨/૧૨/૧૩ | ભીમજી રામજી હિરાણી-બળદીયાવાળા (સાંજે) હ. ઈસ્ટ લંડન |
| ૨૭/૧૨/૧૩ | પટેલ છનાભાઈ ચેલદાસ-સઈજ (કલોલ) |
| ૨૯/૧૨/૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર-વુલવીચ (યુ.કે.) |
| ૩૧/૧૨/૧૩ | જીતેશ નાથાભાઈ વેકરીયા-રામપરવેકરા (લંડન) હ. મંજુલાબેન, સનત, પૂર્વી, રાજન તથા માતુશ્રી રાધાબેન |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સર્વ સુખનું મૂળ સંપ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક પ્રશ્ન પૂછાય અને એ પ્રશ્નના જવાબમાં બધાયની ''હા'' જ હોય એવો પ્રશ્ન હોય તો તે છે ''સુખનો'' ભાઈ! તમારે સુખ જોઈએ છે ! તો બધાય હા પાડશે. તો સુખી થવા કે સુખી રહેવા માટે કાંઈક તો પ્રયાસ કરવો પડે ને !!

તો આવો આજે આપણે વાંચીએ....

સદાય સુખી રહેવા માટે શું કરવું જોઈએ. એના માટેની પ્રેરણાદાયી વાત -

એક વડીલ દાદા. ચાર પેઢી એક જ ચૂલે જમતી હતી. એ વડીલ સદ્‌ગૃહસ્થના ત્રણ દીકરા, એનાય દીકરા, એનાય દીકરા... ચાર પેઢી એક સાથે જીવે. ઘરમાં પાંત્રીસ માણસ. એક સરખું રસોડું થાય. સંપથી બધા જીવે અને પૈસા સારા. જય જયકાર.. આનંદ ઉત્સવ ચાલે. રોજ નાના નાનાં છોકરાં દાદાના ખોળામાં કલરવ કરે અને થોડીવાર પછી દાદાનું ધોતીયું બદલવું પડે. કારણ કે નાના છોકરાં રમે એટલે શું કરે ? એટલે આવો બધો કિલ્લોલ ચાલતો હોય.

એક દિવસે એવો બનાવ બન્યો. રાત્રે આ દાદા સૂતેલા. એ દાદા બહુ મોટી ઉંમરના. અઠ્યાસી વર્ષના થયા હતા. રાત્રે સૂતા'તા. અને એકદમ એના ઓરડામાં અજવાળું દેખાયું. એ જાગી ગયા. આંખો ખોલી તો સાક્ષાત્ લક્ષ્મીજી ઉભેલાં. આ દાદા પોતે લક્ષ્મીજીના ઉપાસક હતા. એટલે લક્ષ્મીજીએ દર્શન આપ્યા. અભયમુદ્રા સાથે હાથમાં કમળનું ફુલ. દાદા ઉભા થઈને પગે લાગ્યા. હે મા ! બહુ દયા કરી. તમે અત્યારે મારી આગળ હાજરાહજૂર ઉભા રહ્યાં. એટલે લક્ષ્મીજી કહે છે - જો ભક્ત ! તે આખી જીંદગી મારી ભક્તિ કરી છે ને, હું બહુ ખુશ થઈ ગઈ છું તારા ઉપર. આ તારા ઘરે હું પ્રેમથી રહું છું. પણ હવે હું થાકી ગઈ છું. કંટાળી છું. હવે મારે તારા ઘરેથી જવું છે. એટલે તારે જે જોઈતું હોય એ વરદાન માંગી લે. એટલે હું તારા ઘરમાંથી જાઉં. ઘરડા માણસ શું વાળે ? ગાડાં વાળે હોં ભાઈ. ઘરડા માણસોને એટલે આગળ રાખવાં. બેહો ડોહા ! તમને હમજણ ન પડે. એમ ન કરવું. વૃદ્ધ માણસોના અનુભવનો ઉપયોગ જુવાનીયાએ કરવો તે એની બુદ્ધિમાં પ્લસ પોઈન્ટ રહે.

આ દાદા કહે છે લક્ષ્મીજીને - એક વિનંતી કરૂં ? અમારું આ કુટુંબ બધું અત્યારે ઉંઘી ગયું છે. હું એકલો તમારી પાસે વરદાન માગું એના કરતાં કાલે અમે નક્કી કરી અને પછી તમારી પાસે વરદાન માંગશું. કાલે કૃપા કરશો ? લક્ષ્મીજી કહે છે - કાલે આ ટાઈમે હું આવીશ. નક્કી કરી રાખજે. બીજે દિવસે મિટિંગ ભરી હોં. બધા ભેગા થયા. રાજ્યસભા - લોકસભા બધાય. એના છોકરાંને બહેનોને બધાં ભેગા થઈ ગયા. ભાભીઓને નણંદો વગેરે જે કાંઈ કહેવાતું હોય તે... અને દાદાએ રજૂઆત કરી કે લક્ષ્મીજી આપણા ઘરમાંથી હવે જવાના છે અને એક વરદાન માંગવાનું કહ્યું છે. શું માંગીશું ? એટલે તરત બધા ચાલું થઈ ગયા. પેલો છોકરો કહે છે - જમીન માંગીલો, પચાસ વીઘા, અત્યારે કરોડો રૂપિયા થઈ ગયા છે. ડોસાએ હા ના પાડી હો. ત્યાં કોઈ બહેન બોલ્યા. સોનું માંગી લો પાંચ કિલો, એય મોટા મોટા મંગળસૂત્ર ઘડાવશું ને પહેરશું. ના એ પણ જામ્યુ નહી. કોઈએ બેંક બેલેન્સ માંગ્યું ને કોઈકે કાંઈક માંગ્યું ને કોઈએ.... છેવટે બધા વાદ-વિવાદ પછી છોકરા ડાહ્યાં. એ કહે છે - બાપા ! આ બધું મેળ નહીં પડે. અમને બધાને તમે મોટા કર્યા છે, પાળ્યા છે, પોષ્યાં છે એટલે અમારી બધાની એક જ ઈચ્છા છે. તમારે જે મનમાં આવે એ માંગી લેજો. જાવ, તમારા ઉપર છોડ્યું. બીજે દિવસે રાત્રે દાદા ઉંઘ્યા નહીં હો. માળા ફેરવતાંતા અને બરાબર મધ્યરાત્રી થઈ. અજવાળુ થયું. લક્ષ્મીજી પ્રગટ થયા. માંગ જલ્દી માંગ. શું નક્કી કર્યું છે ? માંગ. ડોહા કહે છે મૈયા ! મારા ઉપર રાજી થયા હો તો મારે બીજું કાંઈ માંગવુ નથી. એકજ વરદાન આપો કે અમારા ઘરમાં કાયમ સંપ રહે. લક્ષ્મીજીનું મોઢું બદલાઈ ગયું. એકદમ ચહેરો બદલાઈ ગયો. કેમ મૈયા ! ઢીલા પડી ગયાં ? તથાસ્તુ બોલોને ! લક્ષ્મીજી કહે છે - મને તો તારા ઘરમાંથી જવું છે અને તેં સંપ માંગ્યો. જે ઘરમાં સંપ હોય

ત્યાંથી હું ક્યારેય જઈ શકું જ નહીં. લક્ષ્મીજી કાયમ ઘરમાં રહ્યાં. ક્યા પ્રતાપે ! સંપના પ્રતાપે. આ વાતની ખબર હતી મહાત્મા તુલસીદાસજીને. એટલે રામાયણમાં તુલસીદાસજીએ નોંધ્યું -

''જહાઁ સંપ તહાં સંપત્તિ નાના, જહાઁ કુસંપ તહાં વિપત્તિ નિદાના''. જ્યાં સંપ છે ને ત્યાં જ જયજયકાર છે.

અજમાવી જુઓ આ ઉપાયને, આ સંપ રાખવા રૂપી ઉપચારને કાંઈ ચાર્જ નહીં, કાંઈ ફી નહી. અને જો ફાયદો થાય તો બીજાને બતાવવાની છૂટ. એની કોઈ રોયલ્ટી નહીં. આ ઉપચારથી ઘરમાં કાયમ લક્ષ્મીજીનો વાસ રહેશે.

સ્વામિનારાયણ ભગવાન આપ સૌને સદૈવ સુખી રાખે એવી અભ્યર્થના.

●

### ભક્તવત્સલ ભગવાન

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જીવનમાં કેટલીક વાતો માન્યામાં પણ ન આવે તેવી હોય છે. અશક્ય લાગે તેવી હોય છે. બુદ્ધિના તર્કથી એ સમજાય નહિ. પરંતુ એ સત્ય હકીકત હોય છે અને માનવી પડે છે. તો આવો આવા જ એક અદ્‌ભુત પ્રસંગને વાંચીએ.

ભેંદ્વાજાળ ગામની વાત છે. ભેસજાળ ગામમાં સત્સંગ બહુ સારો. શ્રીજી મહારાજ વખતનો સત્સંગ છે. ભેંસજાળ ગામમાં રાણાકાયાભાઈ નામે હરિભક્ત રહેતા હતા. તેમના ઘરમાં ભક્તિમય દિવ્ય વાતાવરણ રહેતુ. તેમના જ સગાબહેન ભક્તિના રંગે રંગાયેલાં રહેતાં. અખંડ ભગવાનની ભક્તિ કરતા. પછી મનમાં નક્કી કર્યું કે આ જન્મે સંસારમાં ક્યાંય સગપણ જોડવું નથી. ''રે સગપણ હરિવરનું સાચું'' એવું મનમાં દ્રઢ કરી સાંખ્યયોગી થયા. સાંખ્યયોગ અતિ દ્રઢપણે પવિત્રતાથી પાળતા તપમય જીવન જીવતાં. તેમાં એક દિવસ શારીરિક આપત્તિ આવી પડી. કંઈક કામકાજ કરતા પડી ગયા. તેમાં એમનો હાથ તૂટી ગયો. અતિશય પીડા થવા લાગી. કોઈ રીતે હાથ સાજો થાય તેમ લાગતું નહતું. ત્યારે તેમના સગા સંબંધીએ સારા વૈદ્યની તપાસ કરી. તપાસ કરતા ખબર પડી. ચૂડા ગામમાં સારા વૈદ્ય છે. બહેનની પીડા અસહ્ય હતી. માટે તેમના સંબંધી ચૂડા ગામમાં હાથ ચડાવનાર એક સારા વૈદ્ય છે ત્યાં લઈ જવાનું નક્કી કર્યું. ત્યારે આ બહેને બધા સંબંધીઓને કહ્યું કે, હું તો સાંખ્યયોગી છું. આ જીવન મેં કોઈ પુરૂષનો સ્પર્શ કર્યો નથી. માટે હવે પીડા સહન કરીશ પણ કોઈ પુરૂષના હાથનો સ્પર્શ નહી કરું. ત્યારે તેના સગા આ વાત સાંભળી ગંભીર થઈ ગયા. તમારી પીડા તો જુઓ! તમારા હાથના કાંડાના ટૂકડા થઈ ગયા છે. તમને પીડા પણ ઘણી થાય છે. આ દુઃખ અમારાથી જોયું નથી જતું. માટે તે સરખું કર્યા સિવાય નહિ ચાલે. તમારે ચુડા આવવું જ પડશે. માટે તમને સવારમાં ગાડામાં બેસાડીને લઈ જઈશું. ત્યારે આ સાંખ્યોગી બાઈને બહુ દુઃખ થયું અને મહારાજની સ્તુતિ કરી.

**''મંગલમૂર્તિ મહાપ્રભુ, સહજાનંદ, સુખરુપ,**
**ભક્તિધર્મ સુત શ્રીહરિ, સમરૂ સદાય અનુપ.''**

બહુ દુઃખી થઈને રડવા લાગ્યાં હે મહારાજ ! મારો સાંખ્યયોગી ધર્મ નાશ પામશે. માટે દયા કરો ! ભક્ત બાઈની સાચી ભક્તિનિષ્ઠા, ધર્મનિષ્ઠા, પ્રભુ પ્રેમ જોઈ રાત્રે શ્રીજી મહારાજે દર્શન આપ્યાં. મહારાજનાં દર્શન થતાં અંતરમાંથી ઉદ્‌વેગ ટળી ગયો. આનંદ આનંદ છવાઈ ગયો. અંતરમાં શાંતિ થઈ ગઈ. હે પ્રભુ, હે દિન બંધુ, દયાળુ તમે મારી પ્રાર્થના સાંભળી. તમે મને દર્શન દીધા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે બહેન ! તમારો હાથ સરખો કરવા આવ્યા છીએ. એમ કહી એ બહેનનો હાથ પોતાના હાથમાં લઈ અને હાથ ફેરવ્યો અને હાડકું સંધાઈ ગયું. મહારાજ આટલું કામ કરી અદૃશ્ય થઈ ગયા. સવાર પડી ત્યારે તેમના સગા ગાડું લઈને બોલાવવા ગયા ત્યારે બહેને હાથ બતાવીને કહ્યું કે જુવો ! મહારાજ મારો હાથ સાજો કરી ગયા છે. આ રીતે ભાંગીને ટુકડાં થઈ ગયેલો હાથ હતો એને શ્રીજી મહારાજે એક ક્ષણમાં સાજો કરી આપ્યો. તેમના સગા સંબંધી આ ઐશ્વર્ય જોઈ નવાઈ પામ્યાં. ધન્ય છે બહેન ધન્ય છે તમારી ભક્તિને ! ધન્ય છે તમારી નિષ્ઠાને ! સગાસંબંધીઓ શ્રીજી મહારાજનું આ ઐશ્વર્યને જોઈ મનથી દ્રઢ થયા કે ભગવાનની જો સાચે ભાવે ભક્તિ કરીએ તો ચોક્કસ ભગવાન સહાય કરે છે.

ભક્ત હૃદયનો પુકાર, સાચા હૃદયની પ્રાર્થના એ પરમાત્માને પણ ડોલાવે છે. ભગવાન ભક્તવત્સલ છે. આવા તો કેટલાય ભક્તોને ભગવાને દયા કરી વાત્સલ્ય ભાવે સહાય કરી છે. આપણે પણ સાચા ભાવે ભગવાનની ભક્તિ કરી એ રસ્તાના મુસાફર બની ભગવાનની કૃપાના પાત્ર બની શકીએ.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**

**"અમદાવાદમાં નરનારાયણદેવ"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

સાબરમતીના કિનારે (નારાયણઘાટ) ત્રિસેક કિ.મી.ના ઘેરાવામાં મોટું વન હતું. માત્ર એટલા વિસ્તારને પદ્મપુરાણમાં ધર્મારણ્ય કહ્યું છે. જ્યાં ધર્મદેવ અને ભક્તિદેવીએ કઠોર તપ શરૂ કર્યું, દેવોના બાર વર્ષ પછી ભગવાન પ્રસન્ન થયા. ત્યારે ભગવાને વરદાન માગવા કહ્યું તો મૂર્તિદેવીએ કહ્યું કે પ્રભુ ! આપના જેવા ચાર પુત્રો આપો. તો પરમાત્માએ કહ્યું કે હે ધર્મ ! હું તમારા તપથી રાજી થયો છું. હું તમારે ત્યાં પુત્રરૂપે અવતાર લઈશ. પછી ભગવાને વિચાર્યું કે મારા જેવા તો અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈ નથી, અને મારાથી અધિક પણ કોઈ નથી. તો મારે જ જવું પડે, આપેલું વચન પુરું કરવું પડે. પછી સમય જતા વૈવસ્વત મન્વંતરમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ફાગણ વદી એકમને દિવસે ધર્મ અને મૂર્તિ થકી ભગવાન ચાર સ્વરૂપે પ્રગટ થયા. ચારેય મળીને એક સ્વરૂપ છે. માર્કંડેય ઋષિએ નામકરણ સંસ્કાર કર્યા. નર, નારાયણ, હરિ અને કૃષ્ણ. નર અને નારાયણ સ્થૂળ દૃષ્ટિથી બે સ્વરૂપો જુદાં દેખાય છે. પરંતુ ખરેખર આધ્યાત્મિક દૃષ્ટિથી તેઓ જુદાં નથી. ભક્ત ચિંતામણીમાં નિષ્કુળાનંદસ્વામી આ રહસ્ય સમજાવે છે.

**"છો તો એકને દિસો છો દોય,**
**તેનો ભેદ જાણે જન કોય"**

ત્યારબાદ ઉપનયન સંસ્કાર થયા, દીક્ષા વિધાન થયું. પછી નરનારાયણદેવ બદરિકાશ્રમમાં તપ કરવા ગયા અને હરિ અને કૃષ્ણ ભગવાને ધર્મદેવ અને મૂર્તિ દેવીને કહ્યું. આપ આજ્ઞા કરો તો આપની ઈચ્છા પ્રમાણે કરીએ. તો માતા-પિતાએ ગૃહસ્થાશ્રમમાં રહેવાની આજ્ઞા કરી તો હરિ ભગવાન વૈકુંઠમાં (લક્ષ્મી-નારાયણ) સ્વરૂપે રહ્યાં અને કૃષ્ણ ભગવાન ગોલોકમાં (રાધાકૃષ્ણ) સ્વરૂપે રહ્યાં અને ભગવાન સ્વામિનારાયણનું પૃથ્વી પર અવતાર ધરવાનું મુખ્ય પ્રયોજન શું હતું ? તો પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. એટલે જીવાત્માના કલ્યાણ માટે પૃથ્વી પર કાર્ય કર્યા અને હું આ લોકમાંથી વિદાય લઉ પછી પણ મુમુક્ષુ જીવાત્માઓને મોક્ષની પ્રાપ્તિ કેમ થાય ? તે માટે સત્સંગમાં મહામંદિરોનું નિર્માણ કર્યું. સત્શાસ્ત્રોની રચના કરી, આચાર્યોની સ્થાપના કરી, ત્યાગી ગૃહીને દીક્ષાનું વિધાન કર્યું. અને મહારાજ જ્યારે આ પૃથ્વી પર હતા ત્યારે મહારાજે જે ઉપદેશો કરેલા તેનો મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ અક્ષરરૂપે સંગ્રહ કર્યો તેથી જગતને વચનામૃત શાસ્ત્રની અણમોલ ભેટ મળી અને પરિણામે આપણને શ્રેષ્ઠ ગ્રંથની પ્રાપ્તિ થઈ. એક વખત મહારાજ અમદાવાદમાં બિરાજમાન હતા ત્યારે સમગ્ર અમદાવાદ દેશના હરિભક્તો વતી લાલદાસ ગોરા, હીરાચંદ ચોકસી વગેરે આગેવાન હરિભક્તોએ મહારાજને કહ્યું કે મહારાજ આપ અમદાવાદમાં ઓછા પધારો છો તો આપ ન હોય ત્યારે હરિભક્તોને દર્શનનું સુખ પ્રાપ્ત થતું નથી. તો આપ અમદાવાદમાં આપનું મંદિર બનાવો. આતો મહારાજનો સંકલ્પ હતો. એટલે મહારાજે આનંદાનંદ સ્વામીને આજ્ઞા કરી. આનંદાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં રાજસ્થાનના ભરતપુરના રાજા રણમલસિંહ હતા. રામ ભગવાનના ઉપાસક હતા. એટલે રાજપાટ બધું છોડીને અયોધ્યા આવ્યા હતા. અયોધ્યામાં સરયૂ નદીના કિનારે રામનામનો જપ કરતા હતા. એકવાર અયોધ્યાના રાજાને રાજગુરુની જરૂર હતી તેથી તેમણે જાહેર કર્યું કે મોટા મંદિરના મહાધીશ બનાવવાના છે. તો જેટલા સંત હતા હતા તે બધા ભેગા થઈ ગયા. આથી રાજાને ખ્યાલ આવી ગયો કે આ બધા આવ્યા છે તે લોભ-લાલચમાં ભેગા થયા છે. યોગ્ય લાયકાત નથી. કોઈકે રાજાને પરિચય આપ્યો કે સરયૂ નદીના તટ ઉપર તપ કરે છે તે રાજસ્થાનના રાજા રણમલસિંહ છે. જેથી રાજાએ તેમને વિનંતી કરી કે આપ રાજગુરુનું પદ સંભાળો. આનંદાનંદ સ્વામીએ કીધું કે આ બધું છોડીને આવ્યો છું. આમા મારૂં કલ્યાણ નથી. બધા પગે લાગવા આવે, બધું પૂછવા આવે આમાં પોતાનું કલ્યાણ ન થાય. તો અયોધ્યાના રાજાએ કહ્યું કે આપ મહાધીશ થશો તો આપના નિમિત્તે ઘણા બધા લોકોનું કલ્યાણ થશે. અને આતો આપના ઈષ્ટદેવ રામ ભગવાનની જન્મ ભૂમિ છે. આનંદાનંદ સ્વામી અયોધ્યાના મહાધીશ થયા. બધાને રામ ભગવાનનો

મહિમા સમજાવતા અને પ્રાર્થના કરતા કે આપ મને પ્રત્યક્ષ દર્શન આપો. રામ ભગવાને સ્વપ્રમાં દર્શન આપ્યું અને કહ્યું કે આપને પ્રત્યક્ષના દર્શન કરવા હોય તો ગુજરાતમાં જાવ. આથી સ્વામી ગુજરાતમાં આવ્યા. તો સમાચાર મળ્યા કે મહારાજ સૌરાષ્ટ્રમાં છે. સૌરાષ્ટ્રમાં તપાસ કરી તો ખબર પડી કે મહારાજ અત્યારે ગઢપુરમાં બિરાજે છે. સ્વામી ત્યાંથી ગઢપુર આવ્યા. મહારાજ સભા ભરીને બેઠા હતા. સ્વામીને જોતા જ મહારાજ સ્વામીને ઓળખી ગયા. સ્વામી દંડવત કરીને સભામાં બેઠા ત્યાં તો મહારાજમાં પોતાના ઈષ્ટદેવ રામ ભગવાનનાં દર્શન થયા. થોડા સમય પછી મહારાજે સ્વામીને સંત દીક્ષા આપી. આમ સ્વામી મઠ્ઠાધીશમાંથી આનંદાનંદ સ્વામી બન્યા. ભગવાને આનંદાનંદ સ્વામીને અમદાવાદમાં મંદિર નિર્માણનું કામ સોંપ્યુ. ચૌદ સંતોના મંડળ સાથે આનંદાનંદ સ્વામી અમદાવાદ આવ્યા. સ્વામી ચિંતામાં હતા કે પૈસા વગર મંદિર કેમ થશે. ભગવાને સ્વપ્રમાં દર્શન આપ્યું. હાથમાં સોનાની છડી હતી. ભગવાને કીધુ આવો હું મંદિર બતાવું. સોનાની છડીથી લીટી કરીને આકૃતિ બનાવી. સ્વામીને ચિંતા થઈ કે કેવી રીતે આ બધું થશે. આનંદાનંદ સ્વામી વિચાર કરતા હતા. હાલમાં જ્યાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ છે ત્યાં મહારાજે જમીન સામે દૃષ્ટિ કરી તો સોનાનું મંદિર બહાર આવ્યું. સ્વામીએ બધું દૃશ્ય અંતરમાં ઉતારી લીધું. સ્વામી ખૂબ બુદ્ધિશાળી, પ્રતિભાશાળી અને મેધાવી સંત હતા. બધું શાંત અને પ્રસન્ન ચિત્તે મંદિરનું કામ ચાલું કર્યું.

મંદિર તૈયાર થયું. જે પ્રમાણે મહારાજે મંદિર બતાવ્યું હતું તે જ પ્રમાણે મંદિર તૈયાર થયું. માત્ર દોઢ વર્ષમાં મંદિર નિર્માણ કાર્ય પૂર્ણ થયું. એટલે મૂર્તિ પ્રતિષ્ઠા માટે મહારાજને સમાચાર મોકલ્યા. મહારાજ તે સમયે લોયામાં હતા. મહારાજે મયારામ ભટ્ટ પાસે મુહૂર્ત જોવડાવ્યું. પ્રભુ ! ફાગણ સુદ ત્રીજ સારામાં સારો સમય છે. અત્યારે હાલમાં નરનારાયણદેવનું સિંહાસન જે જગ્યાએ છે તે જ જગ્યા એ મૂર્તિદેવીનું સુતિકાગૃહ હતું. જે સ્થાને પ્રથમ ચરણ નરનારાયણદેવના પડ્યા હતા તે જ જગ્યાએ શાસ્ત્ર પ્રમાણે નરનારાયણદેવનું સિંહાસન બનાવવામાં આવ્યું છે. ભગવાનના સિંહાસન નીચે જ્યાં સુધી પાણી ન આવે ત્યાં સુધી ખોદવામાં આવ્યું. પાણી નીકળ્યા પછી વરૂણ દેવનું આહ્‌વાન કરી તેમાં કાચબા સ્વરૂપની સ્થાપના કરવામાં આવી. કહેવાય છે કે ભગવાન પ્રગટ સ્વરૂપે આવે તો પૃથ્વી ભાર સહન ન કરી શકે માટે ભગવાન મનુષ્ય રૂપે આવે છે. માટે સિંહાસન નીચે કાચબા સ્વરૂપનું આહ્‌વાન કરવામાં આવ્યું છે. કાચબા સ્વરૂપ તે કચ્છ ભગવાનનો અવતાર છે. ભગવાનનો ભાર ભગવાન જ સહન કરી શકે. અને પછી કાચબા સ્વરૂપ પર એક સ્તંભ બનાવવામાં આવ્યો છે. તેના ઉપર મોટી શિલા મુકવામાં આવી છે. તેના ઉપર સિંહાસન બનાવવામાં આવ્યું છે. ફાગણ સુદ-૩ નો દિવસ એટલે ભક્તો માટે અરે ! સારાયે ધાર્મિક જગત માટે સોનાનો દિવસ ઉગ્યો. મોક્ષનો સંદેશો લઈને જાણે એ દિવસ આવ્યો. શ્રીહરિએ યજ્ઞશાળામાં પ્રથમ નારાયણ ભગવાનમાં પ્રાણનું આહ્‌વાન કર્યું. અને ભગવાને યજ્ઞશાળામાંથી બાથમાં લઈને મૂર્તિની સ્થાપના કરી, ત્યાર પછી નર ભગવાનની સ્થાપના કરી. બે ઘડી સુધી નરનારાયણદેવ સામે જોઈ રહ્યાં. પછી શ્રી રાધાકૃષ્ણદેવની, શ્રી ધર્મભક્તિ અને શ્રીહરિકૃષ્ણ મહારાજ નામે પોતાની મૂર્તિઓ પધરાવી. ન્યાસ આદિ વિધિ પણ પ્રભુએ સ્વયં કર્યો. શ્રીહરિ ઉંબરા ઉપર ઉભા રહીને આરતી ઉતારવા લાગ્યા. લાખો ભક્તોએ નરનારાયણદેવનો જયજયકાર કર્યો. ત્યાર પછી સૌ સંતો તથા હરિભક્તોને સભામાં બેસાડીને પ્રભુએ કહ્યું કે ભક્તજનો ! અમે શ્રીનરનારાયણદેવના નિમિત્તે આ ધરતી ઉપર આવ્યા છીએ માટે મધ્યદેશમાં શ્રી નરનારાયણદેવ પધરાવીને સંપ્રદાયનું પ્રથમ તીર્થધામ બનાવ્યું છે. શ્રી નરનારાયણદેવ જ્યાં બિરાજે છે એ બદરિકાશ્રમમાં જવું બહુ કઠણ અને દુર્ગમ છે. પરંતુ હે ભક્તો ! આ મંદિરમાં આવી શ્રી નરનારાયણદેવના દર્શન કરશો તો બદરિકાશ્રમની યાત્રાનું ફળ મળશે. આ નરનારાયણદેવ અને અમારામાં રંચ માત્ર પણ ફેર નથી. આ નરનારાયણદેવમાં રહીને હું તમારા સંકલ્પો પૂરા કરીશ.

આ નરનારાયણદેવની જે પ્રેમથી સેવા કરશે. જે કાંઈ અર્પણ કરશે તેનો હું અક્ષરધામમાં સ્વીકાર કરીશ. આમ શ્રીજી મહારાજે શ્રી નરનારાયણદેવ પધરાવ્યા પછી વચનામૃતમાં કહ્યું, ''આ શ્રી નરનારાયણદેવને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણદેવને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ, ને બ્રહ્મધામના નિવાસી પણ એ જ છે.'' (અમ. ૬) આમ હજારો વર્ષ પછી નરનારાયણદેવની જન્મભૂમિ ઉપર ત્રણ શિખરનું ભવ્ય મંદિર બન્યું. માતા-પિતા સાથે પોતાના સ્વરૂપો પધરાવી શ્રીહરિએ (લાખોના

તારણહારે) પોતાના આધ્યાત્મિક કલ્યાણનું પ્રથમ પ્રધાન કેન્દ્ર સ્થાપ્યું. સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં કેવું ભવ્ય કાર્ય કર્યું એ પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં ગૂંથ્યું છે.

**"વહાલે અમદાવાદમાં આવી જી રે,**
**પ્રગટ કીધું શ્રી બદ્રિધામ**
**જન આવે જોવાને દેશ દેશના જી રે,**
**શોભે પ્રેમાનંદનો શ્યામ."**

બદરિકાશ્રમમાં રહીને ભરતખંડની પ્રજાના કલ્યાણ માટે નરનારાયણદેવ તપ કરે છે. અને પોતાના કરેલા તપનું ફળ પોતાના આશ્રિતને આપે છે. આપણને તો ઘેર બેઠા બધું મળી ગયું છે. આપણે ફક્ત એટલું અનુસંધાન રાખવાનું છે કે ઈષ્ટદેવની આજ્ઞાનું પાલન કરવાનું છે. તેનું સતત ધ્યાન રાખવાનું છે. અંતઃકરણ શુદ્ધ રાખી અનન્ય ભક્તિ કરી નરનારાયણદેવનું શરણ પકડી રાખવાનું સત્સંગમાં કેટલું બધું સુખ છે. આપણે એક જ કુટુંબના છીએ, સત્સંગ એ આપણું કુટુંબ છે. એક જ ધર્મ નિયમ છે. એક જ અક્ષરધામમાં જવાનું છે. કાયમ માટે સાથે રહેવાનું છે. એ વાતનો આનંદ આવે છે. કાયમ માટે આપ સૌ સંપીને રહો અને સત્સંગમાં દિન-પ્રતિદિન આગળ વધતા રહો તેવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

### "ભગવદ્ બળ એજ સર્વોત્તમ બળ"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જેમ સર્વે મણીઓમાં ચિંતામણી શ્રેષ્ઠ છે. તેમ સર્વે બળ કરતા ભગવદ્ બળ શ્રેષ્ઠ છે. જેમ સર્વે ગાયોમાં કામધેનું ગાય શ્રેષ્ઠ છે. તેમ બળથી ભગવદ્ બળ રાખવું. અને ભગવાનને જ આધારે જીવવું એ શ્રેષ્ઠ છે. વિશ્વમાં વ્યક્તિઓ પાસે અનેક પ્રકારના બળ હોય છે. ધન બળ, કુટુંબ બળ, બાહુબળ, જપ બળ, સાધન બળ, સત્તાબળ, બુદ્ધિબળ, મનોબળ, આત્મબળ, શસ્ત્ર બળ, અસ્ત્ર બળ, વિદ્વતાનું બળ. આ તમામ બળ અંતે માયાનું બળ છે. ભગવાન કે ભગવાનના સંતના બળને જ નિષ્ઠા કહેવાય છે. બાકીના તમામ બળ એ અહમ્ છે. જેને જેટલું ભગવદ્ બળ વધારે તે તેટલો મહાન છે. ભગવદ્ બળ વાળાને જ સર્વે પ્રકારની સિધ્ધિને સફળતા મળે છે. માટે સુખી થવું હોય તો તમામ બળને છોડીને ભગવદ્ બળ મજૂબત કરવું. ઈત્તર તમામ બળ તો જેમ પવનના એક ઝપાટે વાદળા વિખાય જાય તેમ કાળના એક ઝપાટે વિખાય જાય છે. માટે નિર્ભય બનવું હોય, નિર્દોષ બનવું હોય, નિર્વાસનિક બનવું હોય અને નિર્વિકારી બનવું હોય તો એક ભગવદ્ બળથી જીવો. ભગવદ્ બળે જીવનાર વ્યક્તિની જ અંતે રક્ષા થાય છે. ભગવદ્ બળનેજ નિષ્ઠા કહેવાય છે. નિષ્ઠા એજ સમજણ છે. ભગવાન મારી સાથે જ છે. એવી દઢ માન્યતા રાખવી.

આપણને પ્રગટ ભગવાન મળ્યા છે. જેથી કોઈ જાતનો હવે ભય રાખવો નહિ. અનંત શક્તિમાન પરમાત્મા વિશ્વને ચલવે છે. તો મને તેજ પરમાત્મા મારી જીવન નૌકા ચલાવશે. અનેક પ્રકારના દુઃખો અવશ્ય દૂર કરશે જ ને દુઃખો ટાળવાના પુરુષ પ્રયત્નો ચાલુ રાખવા. આશા રૂપી જળથી તેનું સિંચન કરવું. જેથી પરમાત્માની દિવ્ય શક્તિ કામ કરશે જ. મારે તો પરમાત્માનો દઢ આશરો, ભગવદ્ બળ છે જેથી સમય આવશે ત્યારે જે વસ્તુ જોઈતી હશે તે મળશેજ. ભગવદ્ બળ રાખવાથી કદાપિ નિરાશ થવાતું નથી.

પ્રગટ ભગવાન મળ્યા છે તેનો કેફ આઠે પહોર રાખવો. આપત્તિ આવે ત્યારે ધીરજ રાખવી ને પ્રગટ ભગવાનનો દઢ વિશ્વાસને શ્રધ્ધા રાખવી. પ્રત્યક્ષ ભગવાનને વિશે દઢ નિષ્ઠા હોય તેને જ આત્યંતિક કલ્યાણ કહીએ. નિષ્ઠા માણસને નિર્ભય બનાવે છે. નિર્વાસનિક બનાવે છે. ભય આસક્તિમાંથી જન્મે છે. માનની આસક્તિ હોય તો અપમાનનો ભય રહે, ધનની આસક્તિ હોય તો ચોર લૂંટારાનો ભય રહે, સ્ત્રી-પુત્રની આસક્તિ હોય તો કાળનો ભય રહે, દેહમાં આસક્તિ હોય તો મૃત્યુનો ભય રહે, ભગવાનમાં આસક્તિ થાય તો નિર્ભય બની જવાય છે. એકાંતિક ભક્તો ભગવાનને પામવા બે પ્રકારનો અભ્યાસ કરે છે. (૧) દેહથી આત્માને જુદા પાડવાનો કહેતાં બ્રહ્મરૂપ થવાનો. (૨) આત્માને પરમાત્મામાં જોડવાનો. આત્માને પરમાત્મામાં જોડવો એ જ જીવનની સફળતા છે. આ બન્ને અભ્યાસ એક પ્રકારની સમજ કે માન્યતા બદલવાના છે. જેવી દેહમાં હું બુદ્ધિ છે. તેવી જ નિષ્ઠા ભગવાનમાં થાય. અને દેહ બળની જગ્યાએ ભગવદ્ બળ આવી જાય તથા દેહના આધારે જીવાય છે. તેમ ભગવાનના આધારે જીવાય તેના સાધનમાત્ર પૂર્ણ થાય છે.

દરેક આત્મામાં પરમાત્મા સાક્ષાત્ બેઠા છે ભગવાન જેવા ધામમાં અનંત સામર્થી અને શક્તિએ યુક્ત છે. તેવાને તેવા જ આપણા આત્મામાં પ્રગટ છે. હાજરા હજૂર છે. તેજ સર્વ કર્તા, સર્વાધારને સર્વ પ્રકાશક છે. તેને સ્વીકારી લેવાની જરૂર છે. ભગવાન આપણી સાથે હાજર

જ છે. આપણે મનથી હરિની હાજર રહેવાની જરૂર છે. આપણે એકલા રહીએ ત્યારે ભય, આસક્તિ અને વિકાર આવે છે. આત્મા ક્યારેય એકલો છે જ નહિ. સદૈવ તે મુક્તો અને મહારાજની સાથે જ છે. માટે સદાય શ્રીહરિની હજૂર રહેવું. પ્રભુથી દૂર ન થવું. માયા વિકારી છે. તેમાં ફેરફાર થાય છે. ત્રણ દેહ તે આત્માની માયા છે. પ્રભુને ભૂલીને દેહમાં રહીએ એટલે ભય જન્મે છે. ભગવાનની સ્મૃતિમાં રહીએ તો નિર્ભય બની જવાય. જો ભગવદ્ બળની કે નિષ્ઠાની ખામી હશે તો જ ભય, આસક્તિ અને વિકારો જન્મે છે. આપણા અંતઃકરણમાં ભલે અનેક વસ્તુઓ કે વિકાર પડ્યા હોય પરંતુ તેમાં ભગવાનને મૂકી દો પછી હૈયામાં સાક્ષાત્ બિરાજતાં શ્રીહરિને જોયા કરો તો ત્યાં રહેલી વાસના, વિકારને ભય ટળી જશે. બીજા બધા બળને ગૌણ કરી અર્જુનની જેમ એક ભગવદ્ બળ જ રાખો. આપણા કલ્યાણની ચિંતા પણ આપણે ન કરાય. કેમ જે, મોક્ષના દાતા તો ભગવાન કે ભગવાનના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી એ બેજ છે. તે કરે તો જ કલ્યાણ થાય. માટે હરિરૂપી હોડીમાં વિશ્વાસથી બેસી જઈએ તો મહારાજશ્રી ઠેકાણે પહોંચાડી દેશે. સાધનો તો સાચી શરણાગતિ સ્વીકારવા માટે છે. ભગવદ્ બળ વિના કેવળ સાધનો તો એકડા વિનાના મિંડા જેવા છે. માટે શ્રીહરિ કે આચાર્ય મહારાજશ્રીના ગમતામાં રહેવું.

આત્મબળથી દેહ અને દુનિયાનાં વિકારોથી બચાય. જ્યારે ભગવદ્ બળથી આત્મા, પરમાત્માનાં આનંદથી ભરાઈ જાય છે. આત્મબળ દેહનાં સુખ દુઃખ આદિકમાં ઉપયોગી થાય છે. જ્યારે ભગવદ્ બળ સર્વે સ્થળે ઉપયોગી થાય છે. અંતકાળે તો આત્મબળ કોઈ કામ લાગતું નથી. ત્યાં તો ભગવદ્ બળથીજ બચાય છે. માટે આત્મબળથી પણ ભગવદ્ બળ શ્રેષ્ઠ છે. માટે જ દાદા ખાચર, મોટીબા, લાડુબા, મીરાબાઈ, શબરીબાઈ, પ્રહલાદજી કે સગરામ વાઘરીની જેમ જેને ભગવદ્ બળ છે તે વ્યક્તિ અતિ મહાન છે. તે નાનો હોય કે મોટો હોય, ઉંચે બેસે કે નીચે બેસે આગળ બેસે કે પાછળ બેસે પણ ભગવદ્ બળ વાળા પુરુષો દેવોને પણ વંદનીય છે. મોત સામે આવે ત્યારે ભગવદ્ બળ હોય તેને મુંજારો ન થાય. અંતકાળે, રોગાદિક આપત્કાળ કે અકસ્માત આદિક વિપત્તિકાળે માત્ર ભગવદ્ બળ જ કામ લાગે છે. અન્ય કોઈ બળ, કોઈ ગુણ, કોઈ કળા કે આવડત ત્યારે કામ લાગતી નથી.

રાવણને દુર્યોધનમાં ઘણીકળા બળ આવડત હતા. વાનરો કે રીંછોમાં એવી કળા કે આવડત ન હતા. પણ તેમને ભગવદ્ નિષ્ઠા જોરદાર હતી. તો તે મહાન બન્યા અને રાવણ રણમાં રોળાઈ ગયો. જેમ અર્જુને ભારતી બડાઈ કરી ત્યારે તેને વિશે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવદ્ સ્વરૂપના બળને પ્રતાપે થઈ. માટે જેને ભગવદ્ બળ અધિક હોય એજ એકાંતિક ભક્ત કહેવાય. અને તે જ પાકો સત્સંગી કહેવાય ને તેને કાળ, કર્મ કે માયા કાંઈ કરી શકતા નથી. રાવણ આદિકને દેહબળ હતું. યુધિષ્ઠિર રાજાને શાસ્ત્ર બળ હતું ને ધર્મબળ હતું. જ્યારે અર્જુનને ભગવદ્ બળ હતું તો તે મહાન બન્યો. માટે નિષ્ઠા વસ્તુ એટલી બધી મહાન છે કે તે નાની વ્યક્તિમાં હોય તો પણ તેની ચરણરજ થઈને રહેવું. એવા ભક્તો આગળ ડહાપણ કે અહમ્ રાખવો નહિ. કલ્યાણ માટે તો એકજ વાત છે નિષ્ઠા. નિષ્ઠા એ જ કલ્યાણ અને કલ્યાણ એજ નિષ્ઠા છે. જે અખંડ ભગવદ્ બળ રાખે છે તેણે ભગવાન જ રાખ્યા છે. જે સર્વમાં કર્તા એક ભગવાનને જ માને છે તે ભગવાન જેવો સુખિયો બની જાય છે. માટે પ્રત્યેક ક્રિયામાં શ્વાસોશ્વાસમાં એક રટણાં લગાડો મારો મહારાજ કરે એજ થાય. આવું જેને ભગવદ્ બળ હોય તે છતાં દેહે જ મુક્ત છે. ને તેમાં સર્વે સદ્‌ગુણો આવીને વસે છે.

●

### ગોપી બનીયા ગિરધારી

- જાનકી નિકીકુમાર પટેલ (ઘાટલોડિયા)

કચ્છનું ધમડકા ગામ, જ્યાં બ્રહ્મમુનિએ અભ્યાસ કર્યો હતો. વળી જે ગામમાં બ્રહ્માનંદ સ્વામીને એક જોગી મળ્યા હતા. પોતાના પેટમાંથી આંતરડા કાઢીને નદીમાં ધોતાં ધોતાં આ જોગીએ જ સ્વામીને કહેલું કે તમને ખીજડાના ઝાડ નીચે ભગવાન (સ્વામિનારાયણ) મળશે. એ પ્રમાણે સ્વામીને ભગવાન મળ્યા ખરા.

એકવાર સ્વામિનારાયણ ભગવાન અહીં ખુલ્લા ચરણે પધાર્યા હતા. પ્રભુના ચરણમાંથી કરણીબાઈએ અઢાર કાંટા કાઢ્યા હતા. ચરણમાંથી લોહી નીકળતું હતું. ત્યારે કરણીબા ભગવાનને વઢ્યા હતા કે - ગમે તેમ દોડાદોડી કરે છે. શરીરનું ભાન રાખતો નથી. પગમાં જોડા પહેરતા શું થાય છે ?

આવો માતૃવાત્સલ્યસભર વાર્તાલાપ જે ગામમાં થયો હતો તે ધમડકાં ગામ અત્યારે કાળની થપાટથી પટણ - સો - દટણ થઈ ગયું છે. ગામ ભલે ધરતીકંપથી ભાંગી ગયું

હોય. પરંતુ ગામનો ઈતિહાસ હજુ સંપ્રદાયના ગ્રંથોમાં જીવંત છે. આ ગામ શ્રીજી મહારાજની અલૌકિક, દુર્લભ લીલાથી ખૂબ જ ભાગ્યવંત છે. કરણીબાએ એક એવું કામ કરેલું જે મહારાજની ૪૯ વર્ષની ઉંમરમાં કોઈ ન કરી શક્યું. વાત આ રીતે છે :-

એકવાર શ્રીજી મહારાજ ધમડકા ગામે પધાર્યા હતા. રાયધણજી કે બીજા કોઈ પુરુષો ઘરમાં હાજર નહોતા. બહેનો એકલાં બેઠા હતાં.

મહારાજ બોલ્યા, કોઈ ભાઈઓ હાજર નથી તેથી અમે જઈએ છીએ. કર્ણિબા બોલ્યા, મહારાજ ! એમાં શું થઈ ગયું. આપ બિરાજો. હમણાં બધા ખેતરેથી આવશે. મહારાજ કહે, અમને બહેનોના વસ્ત્રો આપોતો રોકાઈએ. કર્ણિબાએ પટારામાંથી નવા વસ્ત્રો કાઢી આપ્યાં. સાડી, કંચવો વગેરે વસ્ત્ર, અલંકાર ધારણ કરીને મહારાજ માચી ઉપર બહેનોની વચ્ચે બિરાજ્યા. બહેનોના વસ્ત્રો સુંદર રીતે પરિધાન કરીને એ મૂર્તિ સુંદર શોભતી હતી. મહારાજે કહી રાખેલું કે કોઈ સંત આવે તો કહી દેજો કે મહારાજ અહીં નથી.

થોડીવારમાં બ્રહ્માનંદ સ્વામી પ્રભુને શોધતા ત્યાં આવી પહોંચ્યા. સ્વામીએ પૂછ્યું, ‘‘કર્ણિબા ! મહારાજ અહીં છે.’’ કર્ણિબા કહે, ‘‘ના, મહારાજ અહી ક્યાંથી હોય !’’ તો આ માંચી ઉપર બેઠા છે એ બેન કોણ છે ? સ્વામી ઓળખી ગયા. ખુશ થઈ ગયા. પોતાના ઈષ્ટદેવને આજે આવા અનોખા શણગારમાં જોઈને બ્રહ્મમુનિના મુખમાંથી સરસ્વતી કાવ્યધારા રૂપે વહેવા લાગી.

**ત્યારે શ્વેત વસ્ત્ર ઉતાર્યા રે, ગોપી બનીયા ગિરધારી.**
**વાલે લાલ વસ્ત્ર તન ધાર્યા રે, ગોપી બનીયા ગિરધારી.**
**પહેર્યો ઘાઘરડો ઘેરાળો રે, ગોપી બનીયા ગિરધારી.**
**શોભે કંચવો કામણગારો રે, ગોપી બનીયા ગિરધારી.**
**શિર ગુંથીયું પટીયા પાડી રે, ગોપી બનીયા ગિરધારી.**
**નવરંગ ઓઢાડી સાડી રે, ગોપી બનીયા ગિરધારી.**
**કહે બ્રહ્માનંદ અતિ શોભે રે, ગોપી બનીયા ગિરધારી.**
**જોઈ સખીયુંના મન લોભે રે, ગોપી બનીયા ગિરધારી.**

હરિસખા બ્રહ્મમુનિ મહારાજને આવા નૂતન વસ્ત્રોમાં જોઈને બહુ આનંદમાં આવી ગયા. અને સમયોચિત આવું સુંદર કીર્તન રચ્યું. કરણીબાના પ્રેમભાવને વશ થઈને શ્રીજી મહારાજે એમનાં વસ્ત્રો પ્રસાદીના કરી આપ્યા. સખા અને પ્રેમીભક્તો માટે આ ચરિત્ર મોક્ષમાર્ગનું ભાથું છે.

●

**“ ‘મા’ ના સાધુ**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

ગુંદાળી ગામમાં કાઠી જ્ઞાતિનાં એક વૃદ્ધ ડોશીમાં રહે. તેમને બે દીકરા, તે ખેતી કરે, ડોશીમાં સત્સંગી હતા. દીકરાઓને સત્સંગ જેવું ખાસ નહિ.

એક વખત સાંજના સમયે બે સાધુઓ આવ્યા. ડોશીએ ડેલીમાં ઉતારો આપ્યો. અને જમવા માટે ખીચડી આપી. સાધુએ ત્રણ ઈંટોનો ચૂલો બનાવી ઉપર ખીચડીની તપેલી ગોઠવી ખીચડી ઓરીને બેઠા.

ગામમાં વાત થઈ કે સ્વામિનારાયણના મુંડીયા આવ્યા છે. તે ગામ બગાડશે. માટે કાઢો. ગામનો એક મુખી કે જે કાઠી હતો. એ ડોશીને ત્યાં આવ્યો અને આ મુંડીયાને કેમ ઘરમાં લાવી છે ? ‘‘અરે પણ આ તો અમારા સાધુ છે.’’ ‘‘નહિ કાઢી મૂક.’’ ‘‘કાલે જવાના જ છે.’’ ‘‘અત્યારે જ કાઢી મૂક.’’ એમ કહીને ધક્કા દેવા માંડ્યો. ડોશી કહે આખા દિવસના ભૂખ્યા છે. આ ખીચડી થઈ ગઈ છે તે જમીને ચાલ્યા જશે. ના ના, અત્યારે જ જાઓ. એમ કહીને ખીચડીની તપેલીને લાત મારી, તે ખીચડી ઢોળાઈ ગઈ. સાધુઓ તો ડોશીમાંને આશિષ આપીને ચાલતા થઈ ગયા.

પેલો પાપી મુખી પણ ગયો. અને ડોશી રડવા બેઠા. દીકરા ખેતરેથી આવ્યા. માને રડવાનું કારણ પૂછ્યું. મા એ બધી વાત કરીને કહ્યું કે તમારા જેવા જુવાન દીકરા હોવા છતાં મારા સાધુને ભૂખ્યા જવું પડે. અને છોકરાને થયું કે ‘‘મારી માના સાધુ’’ ને કાઢી મૂકનારને હમણાં જ જોઈ લેવો. એક ગાડામાં ઘરનો સામાન ભરી માને બેસાડી બીજે ગામ મોકલી દીધાં.

હાથમાં તલવારો લઈને ગામને ચોરે પહોંચ્યા કે જ્યાં મુખી બેઠો બેઠો હુકો પીતો હતો અને બડાઈઓ હાંકતો હતો. ત્યાં જઈ ને હાક મારી કે મારી માના સાધુને કોણે કાઢી મૂક્યા ? મુખી કહે મેં, મેં કાઢ્યા .એકદમ એક જ ઝાટકે માથું પાડી દીધું. તરત જ ધીંગાણું થયું. એમાં દશેક જણને મારીને નાઠા. ગામની બહાર ફરીથી ઝપાઝપી થઈ તેમાં બંને ખપી ગયા.

પણ ‘‘માના સાધુ’’ ને અર્થે મરવાથી મોક્ષ થયો. આજે એ બે ભાઈના નામની પણ ખબર નથી છતાં ‘વચનામૃત’ માં મહાન ભક્તની પંક્તિમાં ‘‘ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત’’ એ નામથી યાદ કરાયા. ભગવાનના ભક્ત નો પક્ષ રાખ્યાનો આટલો મહિમા છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ સુંદરજી સુથાર ખાંડુ લઈને આવતા શ્રીજી મહારાજે કઈ સાલમાં પરીક્ષા કરીને ક્યા ગામમાં સાધુ બનાવ્યા ?

પ્ર. ૨ ''હતુ હેત હરિમાઈ બીજી વાત ન ગમતી કાંઈ, ગમતા ભક્તિવાન ત્યાગી જ્ઞાની ભૂડા લાગતા દેહાભિમાની'' આ કડી ભક્તચિંતામણીના ક્યા પ્રકરણની છે ?

પ્ર. ૩ ચક્ષુ ઈન્દ્રિયનો વિષય શું છે અને દેવતા કોણ છે ?

પ્ર. ૪ ''મહામાયા તે અક્ષરબ્રહ્મના પ્રકાશને વર્ષે લય પામે છે જેમ દિવસને વિષે રાત્રી લય પામે છે તેમ લય પામે છે તેને આત્યંતિક પ્રલય કહીએ'' ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે ?

પ્ર. ૫ ''યા નિસા સર્વભુતાનામ્'' ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે. ક્યાં અધ્યાયમાં અને કેટલામાં શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. ૬ સ્વામિનારા?ણ ભગવાને ક્યા મતનું પ્રતિપાદન કર્યું છે ?

પ્ર. ૭ ''હોય હરિ માંહિ હેત જેને અમે નિત્ય સંભારુ છુ તેને બીજા સાથે છે થોડું રે હેત એમ બોલ્યા કરુણા નિકેતન.'' ભક્તચિંતામણીના ક્યા પ્રકરણની કડી છે.

## ડીસેમ્બર-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** દેવડી ગામ. **(૨)** (૧) જમ્બુંદ્વિપ (૨) લક્ષદ્વિપ (૩) શાકદ્વિપ (૪) શાલ્મલીદ્વિપ (૫) કૌચદ્વિપ (૬) કુશદ્વિપ (૭) પુષ્કરદ્વિપ. **(૩)** પ્રથમ પ્રકરણ ૧૭ મો અધ્યાય. **(૪)** ૮-૦૨-૧૭૭૨. **(૫)** પુત્રકામેષ્ટી. **(૬)** તા. ૨૮-૦૬-૧૭૯૨. **(૭)** મુક્તાનંદ સ્વામી

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨ પટેલ વિનોદભાઈ પૂંજાભાઈ (વહેલાલ)
૩ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૪ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫ પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૬ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૭ શ્રી નરનારાયણ બાલમંડળ (કલોલ-પંચવટી)
૮ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૯ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૦ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૧ પટેલ અંજનાબેન મનુભાઈ ((નાંદોલ)
૧૨ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૩ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૧૪ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૫ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૧૬ કા. ઋષિકેશ, રૂપલ, તૃપ્તિ (લુણાવાડા)
૧૭ ઘરસભા બહેનો (લુણાવાડા)
૧૮ પટેલ સુભદ્રાબેન રમેશભાઈ (કુંડાળ)
૧૯ સાં.યો. કંચનબા, ભગવતીબા, હીરાબા (ધ્રાંગધ્રા)
૨૦ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૨૧ સાં.યો. ભારતીબા, મંજુબા, (કાલુપુર સ્વા. મંદિર હવેલી)
૨૨ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૨૪ પટેલ સુભદ્રાબેન અમૃતલાલ (વડુ)
૨૫ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૨૬ ભાવસાર વીણાબેન (નવરંગપુરા)
૨૭ કા. રોનક ગિરીશભાઈ (લુણાવાડા)
૨૮ ભોરણીયા નારાયણ ભગવાનભાઈ (ધુંટું)
૨૯ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૩૦ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૧ કંચનબેન ભગવાનજી (મોરબી)
૩૨ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૩૩ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૩૪ સાં.યો. બહેનો (સ્વા. મંદિર જુનું મોરબી)
૩૫ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૬ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૭ પટેલ રેખાબેન કિર્તીકુમાર (ઊંઝા)
૩૮ કમુબેન નારણભાઈ (વડુ)
૩૯ શકરીબેન ભગત (વડુ)
૪૦ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૪૨ ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા)
૪૩ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૪૪ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૪૫ નરનારાયણ યુવક મંડળ (સ્વા. મંદિર હર્ષદ-બાપુનગર)
૪૬ પટેલ દિપીકા હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૪૭ ગજ્જર સુધાબેન પ્રકાશભાઈ (ઝુલાસણ)
૪૮ ગજ્જર પ્રકાશભાઈ કુબેરદાસ (ઝુલાસણ)
૪૯ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૫૦ અમીન શિલ્પાબેન મનીષભાઈ (નરોડા)
૫૧ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૫૨ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૫૩ પરમાર ભાનુબેન ભગવાનજીભાઈ (બોડકા)
૫૪ સાં.યો. શ્યામબાઈ અરજણ હિરાણી (ભુજ)
૫૫ સાં.યો. ધનબાઈ શીવજી ભંડેરી (મિરઝાપર)
૫૬ સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મિરઝાપર)
૫૭ સાં.યો. જયશ્રીબેન પ્રવિણ વરસાણી (મિરઝાપર)
૫૮ પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૫૯ પટેલ મીનાબેન કમલેશભાઈ (નરોડા)
૬૦ રંજનબા અને નાનીબા (વિરાટનગર)
૬૧ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૬૨ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૬૩ વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)
૬૪ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૬૫ પટેલ સરોજબેન રણછોડબાઈ (મુબારકપુર)
૬૬ પટેલ પ્રવિણાબેન શરદકુમાર (ઉંઝા)

શ્રી સ્વામિનારાયણ

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના પવિત્ર સાનિધ્યમાં અને સમગ્ર ધર્મકુળની નિશ્રામાં તેમજ બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ૧૬ ડિસેમ્બર થી પવિત્ર ધનુર્માસ ધૂન મહોત્સવનો પ્રારંભ થયો છે. સવારની કડકડતી ઠંડીમાં પણ નાના બાળકથી લઈ વૃદ્ધ હરિભક્ત પણ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો લાભ લેવાનું ચૂકતા નથી. આ માસ ખાસ ભગવાનનું ભજન કરવાનો માસ છે. આખા માસની ધૂન આ વખતે પણ હજારોની સંખ્યામાં થઈ છે. નિજ મંદિરમાં વિરાજમાન દેવોના નામથી, સમગ્ર ધર્મકુળના નામથી અને દરેક સંતોના નામથી પણ ધૂન કરવામાં આવી છે. મહા અલૌકિક લાભ લઈ સૌ ભક્તો ધન્ય ધન્ય બની ગયા છે. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતનું આયોજન પણ ખૂબજ સુંદર હતું. સભા મંડપને સુંદર રીતે રોશનીથી શણગારવામાં આવ્યો હતો. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, રામ સ્વામી તેમજ સર્વે સંત-પાર્ષદ મંડળ અને હરિભક્તોની સેવા પ્રશંસનીય હતી.

જે આખો માસના ધૂનના યજમાનોને સુંદર ટ્રાવેલીંગ બેગ અને દૈનિક ધૂનના યજમાનો પ્રસાદ ભેટ રૂપે આપવામાં આવેલ. (શા. સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ધમાસણા ગામે કથા પારાયણ અને ૯ મો શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રીના કૃપા-આશીર્વાદથી શ્રીહરિની ચરણ રજથી અક્ષરધામ તૂલ્ય અને સંપ્રદાયના મહાન સંત સ.ગુ. ગુરુચરણરતાનંદ સ્વામીના જન્મસ્થાન એવા ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સાં.બા. શ્રી ગંગાબા તથા સાં. કમળાબાની શુભ પ્રેરણાથી તા. ૨૦-૧૨-૧૩ થી તા. ૨૪-૧૨-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભક્તચિંતામણી અંતર્ગત શ્રીહરિ ઐશ્વર્ય દર્શન (પરચા પ્રકરણ)ની સુંદર કથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે થઈ હતી. સમગ્ર પ્રસંગના પ્રેરક સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી (શિકાગો) અને સ.ગુ. શા.સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (વોશિંગ્ટન) અને માર્ગદર્શક સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) રહ્યાં હતા. સંહિતા પાઠમાં સ.ગુ. શા.સ્વા. બાલસ્વરૂપદાસજી (મૂળી) અને સ.ગુ. સ્વામી નિલકંઠદાસજી બિરાજ્યા હતા.

આ પ્રસંગે તા. ૨૪-૧૨-૧૩ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ બહેનોને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામના સંતોએ લાભ આપેલ. શાકોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો. ગામના હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

વ્યાખ્યાન માળામાં શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા) શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર), શા.સ્વા. રામકૃષ્ણદાસજી (મોટીઆદરજ) અને સ્વામી ધર્મપ્રવર્તકદાસજીએ સુંદર કથારૂપી અમૃત રસ પિરસ્યુ હતુ.

છેલ્લે સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંતોએ પ્રેરક વાણીનો લાભ આપેલ. (કોઠારીશ્રી ધમાસણા)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં મોટેરા ગામે શ્રીમદ્ ભાગવત અંતર્ગત નવમ સ્કંધ (રામ ચરિત્ર) સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને સ.ગુ. મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અ.નિ. સવિતાબેન ભાઈલાલભાઈની સ્મૃતિમાં તથા અ.સૌ. કમળાબેન અંબાલાલ પટેલના સંકલ્પથી શ્રીહરિના ચરણકમળથી પ્રસાદીભૂત મોટેરા ગામે તા. ૩૦-૧૨-૧૩ થી તા. ૫-૧-૧૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર અંતર્ગત નવમ્ સ્કંધ રામચરિત્ર સપ્તાહ પારાયણ (રાત્રીય) અને સાથે સાથે દિવ્ય શાકોત્સવનું પણ સુંદર આયોજન થયું હતું. કથાના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ બિરાજીને શ્રોતાઓને કથા રસમાં તરબોળ કર્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. શાકોત્સવનો અલૌકિક વધાર કરી મોટેરા ગામને પાવન કર્યું હતું. ધામોધામના સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. અ.નિ. પુરૂષોતમદાસ હરિભાઈ પટેલ અને અ.નિ. ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ પરિવાર તરફથી સમગ્ર આયોજન થયું હતું. સભા સંચાલન શા. ચૈતન્ય સ્વામીએ સંભાળ્યું હતું. (કોઠારીશ્રી મોટેરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ ૧૧ મો પાટોત્સવ-પારાયણ અને મુખ્ય દ્વાર અર્પણ વિધિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી)ની પ્રેરણાથી સર્વોપરિ શ્રીહરિએ ૩૬ વખત અહીં પધારીને આ ભૂમિને તીર્થ ભૂમિ બનાવી છે તેવા કરજીસણ ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧ મો પાટોત્સવ તથા મંદિરનું મુખ્યદ્વાર અર્પણ વિધિના ઉપલક્ષમાં પ.ભ. પટેલ જોઈતારામ ત્રિભોવનદાસ તથા દિવાળીબેન જોઈતારામ પટેલના રાજીપા

અર્થે તા. ૨૧-૧૨-૧૩ થી ૨૫-૧૨-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ બિરાજી સંગીતમય શૈલીમાં કથામૃતપાન કરાવ્યું હતું.

તા. ૨૫-૧૨-૧૩ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ બાદ મંદિરના મુખ્ય દ્વારની અર્પણ વિધિ વિધિવત રીતે થઈ હતી. ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા.

સમગ્ર પ્રસંગના આયોજક અને માર્ગદર્શક સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) તથા સ.ગુ. શા.સ્વા. માધવપ્રિયદાસજી રહ્યાં હતા. આ પ્રસંગમાં ધામોધામના સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર) અત્રેના પૂજારી પા. જસુ ભગત ઉપસ્થિત રહ્યાં હતા. યજમાન હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. (કોઠારીશ્રી, કરજીસણ)

**કેમ્પરોડ અમદાવાદમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી નારાયણઘાટ)ની પ્રેરણાથી અ.નિ. સેંધાભાઈ જોઈતારામ પટેલ તથા ગં.સ્વ. જોઈતીબાના સંકલ્પથી તા. ૨૪-૧૨-૧૩ થી તા. ૩૦-૧૨-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત રાત્રીય કથા પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે કેમ્પરોડ શાહીબાગ, અમદાવાદ ખાતે સંપન્ન થઈ હતી. જેના આયોજક સોમાભાઈ સેંધીદાસ પટેલ, જીતેન્દ્ર સોમાભાઈ પટેલ આદિ પરિવાર રહ્યા હતા. સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)ના હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ વચનામૃત કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વા. દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ) ની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ. અમૃતલાલ હરગોવિંદદાસ કાનદાસ પટેલ તથા અ.સૌ. શારદાબેન અમૃતલાલ પટેલ તથા બહેનશ્રી અલ્પાબેન અમૃતલાલના શુભ સંકલ્પથી તા. ૩૧-૧૨-૧૩ થી તા. ૪-૧-૧૪ પર્યન્ત સંપ્રદાયના સર્વોપરિ ગ્રંથ વચનામૃતની પંચાન્હ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ વક્તા વિદ્વાન કથાકાર પૂ. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. યજમાન પરિવારજનો અને હરિભક્તોએ અલૌકિક કથાનું પાન કરી વચનામૃતને જીવનમાં ઉતાર્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૪-૧-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સમસ્ત સભાને અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી અનીલકુમાર અમૃતલાલ પટેલ અને અ.સૌ. હિનાબેન અનીલકુમાર પટેલ (ડાંગરવા - હાલ યુ.એસ.એ.) પરિવારે યજમાન બની મહા અલૌકિક લાભ લીધો હતો.

આ પ્રસંગે અમદાવાદના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, શા. સ્વા. નારાયણવલ્લભદાસજી આદિ ધામોધામના સંતો પધાર્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરમાં શાકોત્સવ ઉજવાયો**

શ્રીહરિના ચરણોથી પાવન નગરી વડનગરમાં શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા વડનગર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શનથી તા. ૬-૧૨-૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરી શ્રી સહજાનંદ ગુરુકુળમાં પધાર્યા હતા. જ્યાં સંતો-હરિભક્તો દ્વારા સુંદર સ્વાગત બાદ સભામાં પધાર્યા હતા. જ્યાં શાકોત્સવના યજમાન અ.નિ. ગજ્જર રજનીકાંત રણછોડલાલ (પેથાપુર)ના ચિ. ડૉ. પરેશભાઈ ગજ્જર તથા દિલીપભાઈ ગજ્જર પરિવારે અને અત્રેના મોદી હરિભાઈ શામળદાસના ચિ. હર્ષદકુમાર, સુધિરકુમાર (જમાઈ) દિપકકુમાર અને અશ્વિનકુમારે (વિસનગર) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. પૂજારી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ વિધિ કરાવ્યો હતો. સભામાં કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી અને કોઠારી શા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) એ શાકોત્સવનો મહિમા કહ્યો હતો.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વડનગરના યુવાનોએ પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. નાની-મોટી સેવા કરનાર હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. આ પ્રસંગે પ.ભ. સોમાભાઈ ડી. મોદી (નગરપાલિકા પ્રમુખ) શ્રી સુનીલભાઈ મહેતા અને શ્રી આઈ.એમ. ભાવસાર સાહેબે પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

શ્રી કાલીદાસ જે. પટેલ, શ્રી ગુણવંતભાઈ ભાવસાર, શ્રી બુધાલાલ પટેલ, રવિ સુથાર, ભૂપિત, જય, વિપુલ અને કચ્છી હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. (મોદી નવિનચંદ્ર એમ.)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (તળપદ) ૧૧મો પાટોત્સવ-પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણરજથી પાવન ભૂમિ ડાંગરવા (તળપદ) શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૧ મા પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૧૨-૧૩ થી તા. ૧૨-૧૨-૧૩ પર્યન્ત સંપ્રદાયના વિદ્વાન કથાકાર સંત પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના વક્તાપદે શ્રી દંઢાવ્ય દેશ લીલાની સપ્તાહ પારાયણ થઈ હતી. ગામના સમગ્ર ભક્તજનોએ કથામૃતપાન કર્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં પોથીયાત્રા, જલયાત્રા, મહાવિષ્ણુયાગ, જતનબાના માઢમાં દહીં દુધની લીલા કરવામાં આવી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને હરિભક્તો અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન સિધ્ધપુર મંદિરના મહંત શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજીએ કર્યું હતું.

(પટેલ બળદેવભાઈ વિસાભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા ખાતે ધનુર્માસમાં સવારે ૫-૧૫ થી ૬-૧૫ સુધી શ્રી નરનારાયણદેવ ધૂન મંડળ દ્વારા પ્રભાત ફેરી, ધૂન, થાળ આદિ હરિભક્તો તરફથી થયા હતા. દર રવિવાર અને એકાદશીની રાત્રે અડધો કલાક ધૂન કરવામાં આવે છે. ઉત્તરાયણ ના દિવસે ગામમાં હરિભક્તો દ્વારા ઝોળી ફેરવવામાં આવે છે. જે તમામ વસ્તુ અમદાવાદ મંદિર મોકલવામાં આવે છે. (અરજણભાઈ મોરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (કડી) શતાબ્દી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (તા. કડી) નો શતાબ્દી મહોત્સવ સ.ગુ.શા.સ્વામી પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૭-૧૨-૧૩ થી ૧૯-૧૨-૧૩ પર્યન્ત ખૂબજ ધામધૂમથી ઉજવાયો. જેમાં પોથીયાત્રા, ઠાકોરજીની નગર યાત્રા બાદ સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણ થઈ હતી. મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૦૦ મો પાટોત્સવ પ્રસંગે અભિષેક સંતો દ્વારા વિધિવત રીતે થયો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી આ પ્રસંગે (૩૩ વર્ષ બાદ) પધાર્યા હતા. સંત-હરિભક્તો એ ખૂબજ ભાવભીનું સ્વાગત સામૈયુ કર્યું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. રામજી મંદિરમાં પણ આરતી ઉતારી હતી. છેલ્લે સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. હરિભક્તોએ દર્શન કરી કથાનું પાન કરી ધન્ય બન્યા હતા.

(ધનવંત બી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરાનો ૪ થો વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) તથા સ.ગુ. શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીની પ્રેરણાથી તથા પ.ભ. સુરેશભાઈ ભલાભાઈ મુખી પરિવારના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરાનો ૪ થો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

તા. ૧૦-૧૨-૧૩ ના રોજ સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ઉષ્માભર્યું સ્વાગત સામૈયુ કરી પ.પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી યજમાનને ત્યાં પધાર્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. જ્યાં હરિભક્તો દ્વારા પૂજન આરતી અને હારતોરા થયા હતા. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન પા. હાર્દિક ભગતે કર્યું હતું. સભા સંચાલન શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીએ કર્યું હતું. હરિભક્તોએ ધર્મકુળના ચરણ સ્પર્શ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પા. હાર્દિક ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં નિઃશુલ્ક તબીબી સેવા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી એપ્રોચ મંદિરમાં તા. ૬-૧૨-૧૩ થી કાયમી ધોરણે જરૂરીયાતમંદ દર્દીને નિઃશુલ્ક તબીબી સેવા પૂરી પાડવામાં આવે છે.

ડાયાબીટીસ, બી.પી., કમળો, તાવ, શરદી, ઉધરસ, ટી.બી., કીડની તથા પેટના રોગો તેમજ દુઃખાવો અને વા વગેરે રોગોથી પીડાતા દરેક દર્દીઓની માતૃ મેડીકલ સર્જીકલ પ્રસુતિગૃહના ડાયરેકટર ડૉ. ભરત ડી. સુહાગીયા દ્વારા દરરોજ સવારના ૮ થી ૯-૩૦ એમ દોઢ કલાક નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. તેમજ તદ્દન ફ્રીમાં ઉપલબ્ધ દવાઓ પણ આપવામાં આવે છે. અને જટીલ રોગોની સારવાર માટે યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

દર્દીઓને સારવારની સુવિધા મળી રહે તે હેતુથી મંદિરના પ્રાંગણમાં જ એક અલાયદી રૂમ ફાળવીને તા. ૬-૧૨-૧૩ ના રોજ સવારના ૮-૦૦ કલાકે મંદિરના મહંત સ્વામી દ્વારા દીપ પ્રગટાવીને તથા શ્રીહરિની આરતી કરીને આ મેડીકલ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેનો જરૂરિયાત વાળા દર્દીઓ લાભ લઈ શકે છે. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**સાણંદ નળ સરોવર ખાતે સત્સંગ સભા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-

આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને પૂ. સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તા. ૧૬-૧૨-૧૩ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદના હરિભક્તો દ્વારા સાણંદથી નળ સરોવર સત્સંગ શિબિર (નૌકા વિહારમાં) કરવામાં આવી હતી. જેમાં જેતલપુર, કાંકરિયા, અમદાવાદ, મકનસરના સંતો પધાર્યા હતા. શ્રીહરિકૃષ્ણ મહારાજને નળ સરોવરના મધ્યમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે અભિષેક કરી હરિભક્તોને દર્શન કરાવ્યા હતા. નૌકા વિહાર બાદ સુંદર સભા થઈ હતી. જેમાં પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજીએ સુંદર ઉપદેશાત્મક વાતો કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી સૌ ભક્તો ઉપર ખૂબજ રાજી થયા હતા. ૬૦૦ જેટલા ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (જે.ડી. ઠક્કર)

**મોટેરા ખાતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ શિબિર**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને અધ્યક્ષતામાં આપણા આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની એક દિવસીય શિબિરનું આયોજન કાલુપુર મંદિર દ્વારા તા. ૨૯-૧૨-૧૩ ના રોજ શ્રી નરનારાયણદેવ પાર્ટી પ્લોટ, મોટેરા ખાતે કરવામાં આવ્યું હતું. અમદાવાદ દેશના લગભગ ૭૦ ગામોમાંથી ૧૬૦૦ યુવાનોએ આમાં ભાગ લીધો હતો. આપણા આગામી ઉત્સવનો ઉદ્‌ઘોષ અને એ નિમિત્તે વિશેષ ભજન-ભક્તિ અને સેવા થાય તથા સત્સંગમાં વિકાસના મુંઝવતી બાબતોનું નિરાકરણ થાય એવા શુભ હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરના પ્રારંભમાં સર્વે યુવાનોએ કીર્તન ભક્તિનો સ્વાદ માણ્યો હતો. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા ને ઠાકોરજીની મંગળ આરતી દ્વારા શિબિરનો આરંભ થયો. મોટેરાના યુવક મંડળના પ્રતિનિધિઓએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત-પૂજન આરતી કર્યા બાદ સૌ પ્રથમ પૂ. શા.સ્વામી નિર્ગુણદાસજીએ શ્રીનરનારાયણદેવના મહિમાની સુંદર વાત કરી હતી. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સર્વે યુવાનોને શ્રી નરનારાયણદેવ મહોત્સવની ઉદ્‌ઘોષણા કરીને વિશેષ પ્રવૃતિ કરવા આજ્ઞા તથા આશીર્વાદ આપ્યા હતા. સાથો સાથ સંપ્રદાયના સાંપ્રત પ્રવાહોથી પણ માહિતગાર કર્યા હતા. પ.પૂ. મહારાજશ્રીના મંગલ આશીર્વચન બાદ આપણા નિષ્ઠાવાન અને વિદ્વાન સત્સંગી પ્રો. હિતેન્દ્રભાઈએ યુવાનોને સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યુ હતું ને શા.સ્વામી હરિજીવનદાસજી (હિંમતનગર), શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (એપ્રોચ), શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) આદિ સંતોએ વિવિધ વિષયો પર સુંદર પ્રવચન-માર્ગદર્શન આપ્યા હતા. બપોરે સૌ યુવાનોએ સાથે મળી ફરાળરૂપ પ્રસાદની મજા માણી અને બીજા સત્રમાં ''વચનામૃત અને શિક્ષાપત્રીના આધારે સુખમય જીવન'' પર શ્રી નિલેશભાઈએ સુંદર મલ્ટીમીડીયા શો દ્વારા અદ્‌ભૂત સમજણ અને જ્ઞાન નવીજ શૈલીથી સૌ યુવાનોને પીરસ્યું હતું. ત્યારબાદ છેલ્લે સમાપન સત્રમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ.શા. સ્વામીશ્રી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. પી.પી. સ્વામી (નારાયણઘાટ)એ સુંદર પ્રેરણા અને આશીર્વચન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા. રામકૃષ્ણદાસજીએ (કોટેશ્વર) સંભાળ્યું હતું.

એક દિવસની આ શિબિરમાંથી પરત ફરતા અનેક યુવાનોના હૃદયમાં આનંદ-પ્રેરણા અને નરનારાયણદેવ માટે કાંઈક કરી છુટવાના જુસ્સા સાથેનો અહીં આવવાનો આનંદ જણાતો હતો. આવી શિબિરો દરેક વિસ્તારમાં પણ થાય તેવી યુવક મંડળની માંગણીને પણ પૂ. મહારાજશ્રીએ રાજી થઈ સ્વીકારીને વિસ્તાર પ્રમાણે અલગ-અલગ શિબિરનું પણ આયોજન કરીશું એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(અતુલ પટેલ - નારાયણઘાટ)

**બનાસકાંઠાના દિયોદરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ દેશ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણા-માર્ગદર્શનથી બનાસકાંઠાના દિયોદર ગામમાં તા. ૧૫-૧૨-૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો. શ્રી દિલીપભાઈ લવજીભાઈ ઠક્કર, શ્રી શૈલેષભાઈ અને શ્રી નવિનભાઈ જેના યજમાન પદે રહ્યાં હતા.

આ પ્રસંગે ધામોધામના સંતોમાં અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર), સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારણઘાટ), શા. રામ સ્વામી , સ્વા. ધર્મપ્રવર્તકદાસજી, શા. વ્રજભૂષણ સ્વામી, માધવ સ્વામી અને નિલકંઠ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શાકોત્સવનો અલૌકિક વધાર કરી બનાસકાંઠાની ભૂમિને દિવ્ય ભૂમિ બનાવી હતી. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું.

(શા. મુનિ સ્વામી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૮ મો પાટોત્સવ તા. ૧૩-૧૧-૧૩ થી તા. ૧૯-૧૧-૧૩ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ.શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મૂળી) તથા શા.સ્વા. વિશ્વવિહારીદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે શ્રીહરિયાગ, અન્નકૂટ, મહાભિષેક, શ્રી રામપ્રતાપજીનો

વિવાહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો થયા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. ચંદારાણા રસિકલાલ પ્રાગજીભાઈ રહ્યાં હતાં. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીનો અભિષેક આરતી કરી સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. મૂળી દેશના ગામોના હરિભક્તો પણ પધાર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**હળવદમાં અખંડ મંત્રજાપની પૂર્ણાહુતિ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે હળવદ (હરિકૃષ્ણ ફાર્મ) ખાતે તા. ૧૫-૧૨-૧૨ થી તા. ૯-૧૨-૧૩ પર્યન્ત એક વર્ષથી ચાલતી અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જાપની સમાપન વિધિ તા. ૯-૧૨-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે ભજન કરવામાં બળ વધે છે. જીવ પ્રાણી માત્રને માટે એક જ રામબાણ છે. સુંદર દ્રષ્ટાંત સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. જેમાં હરિકૃષ્ણ ફાર્મવાળા પ.ભ. મુકેશભાઈ - નિલેશભાઈ તથા અખંડ ધૂનના પ્રેરક સ્વામી જીષ્ણુચરણદાસજી (મૂળી)નું બહુમાન કરી શાલ ઓઢાડી હતી. ધામોધામના સંતો અને ગામોગામના હરિભક્તોએ ધર્મકુળના દર્શન કરી ધન્ય બન્યા હતા.

(અનીલભાઈ બી. દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જોડીયા પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ જોડીયામાં ૧૪ વાર પધારીને આ ભૂમિને અતિ પાવન કરી છે. અહીંનું શ્રી સ્વામિનારાયણ મંદિર ૨૦૦૧ ના ભૂકંપમાં સંપૂર્ણ ધ્વંસ થઈ જતા તેર વર્ષ બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મૂળી મંદિરના સંત શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીને નૂતન મંદિર નિર્માણ માટે આશીર્વાદ સહ આજ્ઞા આપી. જે મંદિર સંપૂર્ણપણે થતા તા. ૧૬-૧૧-૧૩ થી તા. ૧૮-૧૧-૧૩ પર્યન્ત વિવિધ પ્રસંગો સાથે પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક કથા, સહિંતા પારાયણ, વિષ્ણુયાગ આદિ થયા હતા. મૂળીના સ.ગુ.શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે સુંદર સંગીતમય શૈલી સાથે કથા થઈ હતી. આ પ્રસંગમાં ધામોધામના સંતોમાં સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી (જેતલપુર), શા.સ્વા. ઘનશ્યામ સ્વામી, (માણસા) સ.ગુ.શા. સ્વા. જગતપ્રકાશદાસજી, સ.ગુ.સ્વા. શ્યામચરણદાસજી (જેતલપુર), શા. ઘનશ્યામપ્રકાશદાસજી કોઠારી, સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, કોઠારી જે.કે. સ્વામી, રામ સ્વામી, જે.પી. સ્વામી (મૂળી), આદિ સંતો પધાયા હતા. તા. ૧૭-૧૧-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સંતો-હરિભક્તોએ સુંદર સામૈયુ કર્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પૂજા-અર્ચન કરી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની આરતી ઉતારી હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ કરી સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારો દ્વારા પૂજન-આરતી ભેટ થયા હતા. હાલારના હરિભક્તોની સેવાથી આ મંદિરનું ભવ્ય નિર્માણ થયું છે. ધામોધામના સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજીએ આભાર વિધિ કરી હતી. યજમાનશ્રી, દાતાઓ અને છપૈયા સ્વામી તથા દેવ સ્વામીનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં સભા સંચાલન શા. ઘનશ્યામચરણદાસજીએ શોભાવ્યું હતું. અનેક નામી-અનામી હરિભક્તોએ ખૂબજ સેવા કરીને શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો.

(સાધુ છપૈયાપ્રસાદદાસ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં નવેમ્બર શનિ-રવિમાં સાંજના ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો. કીર્તન-ધૂનની રમઝટ વચ્ચે બહેનોએ ગરબા ગાઈને તુલસીમાતાના લગ્ન ધામધૂમથી મનાવ્યા હતા. અત્રેના મહંત સ્વામીએ તુલસી વિવાહનું સુંદર માહાત્મ્ય કહ્યું હતું. યજમાન પરિવારનું બહુમાન કરવામાં આવ્યું હતું. ચાતુર્માસ પૂર્ણ થતા નરનારાયણ સ્વામીએ ઠાકોરજીને સુંદર લીલા શાકભાજી ધરાવ્યા હતા. (પ્રવિણ શાહ)

**(એલનટાઉન-અમેરિકા) જેતલપુરધામમાં શાકોત્સવ**

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામમાં (એલનટાઉન) ૨૪ નવેમ્બર સાંજના ૫ થી ૮ દરમ્યાન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. સાથે જેતલપુરધામના પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી પણ પધાર્યા.હતા. અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ થયો હતો. આ પ્રસંગે આપણા દરેક ચેપ્ટરોના મહંત સ્વામી અને અનેક હરિભક્તો પધાર્યા હતા. ધામોધામના સંતોની પ્રેરક વાણીબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે જેમ જેતલપુર ધામમાં બિરાજમાન ભગવાન સૌના તમામ સંકલ્પ પુરા કરે છે. તે રીતે આપ સૌના તમામ ઈચ્છા સંકલ્પ અહીં દર્શન કરવાથી પૂર્ણ થશે. એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે પૂ.પી.પી. સ્વામીએ ટૂંકમાં એલનટાઉનમાં ભવ્ય મંદિર નિર્માણ થનાર છે. તેમાં સૌને યોગ આપવા અનુરોધ કર્યો હતો.

અંતે ઠાકોરજીને થાળ-આરતી બાદ શાકોત્સવનો પ્રસાદ લઈ સૌ ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| કારતક સુદ-૧ | સોની પ્રશાંતકુમાર ચંદુલાલ, સોની સ્વાતિબેન પ્રશાંતકુમાર (મૈસુબ) (હ. કિરીટભાઈ બી. સોની) | લંડન-યુ.કે. |
| કારતક સુદ-૧ | કેશરા શામજી ઝીણા | બળદીયા-કચ્છ |
| કારતક સુદ-૧ | અ.નિ. દેવશી ભીમજી કેરાઈ | રામપુર વેકરા-કચ્છ |
| કારતક સુદ-૨ | રાધાબાઈ ખીમજી વરસાણી | કચ્છ-ભુજ |
| કારતક સુદ-૪/૫ | શંભુભાઈ ભીખાભાઈ પટેલ (મોહનથાળ, ચુરમાના લાડુ) (હ. મહંત સ્વામી) | સુરત |
| કારતક સુદ-૬ | મોઢ ભરતકુમાર હસમુખલાલ (મોહનથાળ) | પાલનપુર |
| કારતક સુદ-૬ | અ.નિ. દેવજીભાઈ નારણભાઈ સભાડીયા (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| કારતક સુદ-૬ | શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મોહન થાળ) (હ. મહેન્દ્રભાઈ) | કૈયલ |
| કારતક સુદ-૭ | મીનાબેન વિષ્ણુભાઈ પટેલ (દૂધપાક) (હ. મહંત સ્વામી) | કલોલ |
| કારતક સુદ-૮ | સાં.યો. ડઈબાબેન (ચુરમાના લાડુ) (હ. બળદેવભાઈ કોઠારી, જે. કે. સ્વામી) | |
| કારતક સુદ-૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ (મગશ) | વિજયપુર |
| કારતક સુદ-૧૨ | કાળુભાઈ ગોવિંદભાઈ ગજેરા (અડદીયો) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | અ.નિ. મણીભાઈ દેવકરણભાઈ પટેલ (મગસ) (હ. પરમેશ્વર સ્વામી) | સાયરા |
| કારતક સુદ-૧૨ | ભરતભાઈ સોની (અડદીયો) (હ. રામ સ્વામી પૂજારી) | |
| કારતક સુદ-૧૪ | અ.નિ. ચતુરભાઈ પોપટભાઈ પટેલની પુણ્ય તિથિ નિમિત્તે (અડદીયો) | |
| કારતક સુદ-૧૪ | અ.નિ. તુષાદ ઋષિકુમાર પટેલ (અડદીયો) (હ. હરિકૃષ્ણભાઈ શિકાગો, બ્રહ્મચારી રાજુ સ્વામી) | |
| કારતક સુદ-૧૫ | અ.નિ. અમૃતભાઈ લવજીભાઈ ચૌધરી | બાલવા |
| કારતક વદ-૧ | હરિશકુમાર મનસુખલાલ સોની (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક વદ-૧ | સવજીભાઈ દેવદાસભાઈ કાછડીયા (મોહનથાળ) | |
| કારતક વદ-૨ | રચનાબેન સેકડા (મોહનથાળ) | અમદાવાદ |
| કારતક વદ-૨ | શ્યામજી શિવજી ખીમાણી (મોહનથાળ) | દહીંસરા-કચ્છ |
| કારતક વદ-૪ | અ.નિ. ઘનશ્યામભાઈ છોટાભાઈ પટેલ (અડદીયો) (હ. પંકજ અને જિજ્ઞેશ) | આંત્રોલી |
| કારતક વદ-૫ | અ.નિ. ધનબાઈ કલ્યાણ કરસન વેકરીયા (મગશ) (હ. ખીમજી કલ્યાણ વેકરીયા) | રામપર-વેકરા |
| કારતક વદ-૫ | અ.નિ. ખીમજી રામજી કેરાઈ તથા અ.નિ. વાલબાઈ ખીમજી (હ. કરશન) | કુંદનપુર-કચ્છ |
| કારતક વદ-૫ | અ.નિ. ગીતાબેન દિનેશભાઈ પટેલ (મગસ) (હ. દિનેશભાઈ) | |
| કારતક વદ-૫ | વાલજી જાદવા વરસાણી (બુંદીના લાડુ) | મિરજાપુર-કચ્છ |
| કારતક વદ-૬ | રાકેશભાઈ આદરભાઈ પટેલ (અડદીયો) | |
| કારતક વદ-૬ | પટેલ નારણભાઈ જેશીંગદાસ, લક્ષ્મીબેન નારણદાસ (મગશ) | સોજા |
| કારતક વદ-૬ | ભીખાભાઈ કાનાભાઈ ચૌધરી (ચુરમાના લાડુ) | બાલવા |
| કારતક વદ-૬ | અ.નિ. પ્રેમજીભાઈ ખેતાભાઈ પટેલ (અડદીયો) | વાપી |
| કારતક વદ-૬ | મનજી નાથા મેપાણી (અડદીયો) (હ. ભરત, બિન્દી) | |
| કારતક વદ-૭ | સુરેશભાઈ આસારામ ઠક્કર વિધિ બહેનના લગ્ન નિમિત્તે (મોહનથાળ) | |
| કારતક વદ-૮ | કલ્પેશભાઈ મોતીભાઈ (ચુરમાના લાડુ) (હ. કોઠારી હર્ષદભાઈ મહેતા) | બાલવા |
| કારતક વદ-૮ | વાઘજી વિરજી વેકરીયા પટેલ (ચુરમાના લાડુ) (હ. પૂજારી સ્વામી નારાયણચરણદાસજી) | નારણપર-કચ્છ |
| કારતક વદ-૮ | અ.નિ. નેહલનબેન પરબતભાઈ વેકરીયા (ચુરમાના લાડુ) | નારણપર-કચ્છ |
| કારતક વદ-૧૦ | અ.નિ. વાઘજી અણદા તથા કેશરાબેન વાઘજી | ભુજ |
| કારતક વદ-૧૨ | અ.નિ. કાંતિભાઈ જોઈતારામભાઈ પટેલ (બુંદીના લાડુ) | વિહારવાળા |
| કારતક વદ-૧૨ | રાધાબેન લક્ષ્મીકાંત પટેલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | દેવન સોની (ચુરમાના લાડુ) (હ. બ્રહ્મચારી રાજુ સ્વામી) | નારણપુરા |
| કારતક વદ-૧૩ | નાથાલાલ શિવરામદાસ પટેલ (અડદીયા) | ઉંઝા |
| કારતક વદ-૧૩ | પ્રવિણભાઈ દેવરાજભાઈ કથીરીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧૪/૩૦ | ડૉ. એસ. આર. જગવાણી (મગસ) | આદિપુર |
| કારતક વદ-૧૪/૩૦ | અ.નિ. પુષ્પાબેન કાંતિલાલ (અડદીયો) (હ. વિશ્વસ્વરૂપ સ્વામી) | ધંધુકા |
| કારતક વદ-૧૪/૩૦ | દર્શનીબેન ભૌમિકકુમાર પટેલ (ચુરમાના લાડુ) (હ. પોપટભાઈ) | સાબરમતી |
| કારતક વદ-૧૪/૩૦ | ચૌધરી મયુરભાઈ વસંતભાઈના જન્મ દિન નિમિત્તે (અડદીયો) (હ. જે.કે. સ્વામી) | |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૭૭૭/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે જાંબુડી
૧૦૦/- ગોહિલ અનિલભાઈ પોપટભાઈ અમદાવાદ
દીપના જન્મ દિન નિમિત્તે
૧૦૧/- કાછીઆ ગોવિંદભાઈ આર. ચિ. જીગરની પુણ્યતિથિ નિમિત્તેકોઠંબા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ભૂલાભાઈ કનીપુર
ચિ. પંથની જન્મ તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ દિપ્તિબેન એમ. જન્મ દિન નિમિત્તે સાઉથ આફ્રિકા
૧૦૧/- ભાવસાર નરેન્દ્રભાઈ શકરચંદ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૫૦૦/- ગાંગાણી મગનભાઈ વેલજીભાઈ અમદાવાદ
નવું મકાન બનાવ્યું તે નિમિત્તે
૧૦૦/- ગાંગાણી હિતેશભાઈ મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૫૦/- પટેલ જલ્પેશ મગનભાઈ સારી જોબ મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ સુરેશભાઈ અંબાલાલ ચિ. પાર્થના જન્મ દિન નિમિત્તે સોજા
૧૫૧/- ડૉ. સંજય દામજીભાઈ સાપરીયા સુરત
રેડીયો લોજીંગની ડીગ્રી મળી તે નિમિત્તે
૨૦૦/- પટેલ વિકાસ જાનકીબેન લગ્ન પ્રસંગે વિહાર
૧૦૧/- જોષી વત્સલકુમાર નિતીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૧/- કાછીઆ ગોવિંદભાઈ તથા નયનાબેન કોઠંબા
ચિ. મનના પ્રથમ જન્મ દિને
૧૫૦/- પટેલ રતનશીભાઈ કરમશીભાઈ પૌત્રના લગ્ન પ્રસંગે અંજાર-કચ્છ
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ ડાયાભાઈ હરગોવનદાસ માણસા
નિશાબેન તથા નિરવભાઈ લગ્ન નિમિત્તે
૧૦૦/- કા. વિશાલ કનુભાઈ નવા ફલેટમાં રહેવા ગયા તે નિમિત્તેઅમદાવાદ
૧૧૧/- સોની શૈલેન્દ્રકુમાર રમેશચંદ્ર અમદાવાદ
પૌત્રના પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે
૧૦૦/- પટેલ કૃતિક સંજયભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ રણછોડદાસ બબલદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તેકરજીસણ
૧૦૦/- પટેલ ડાહીબેન જગજીવનદાસના સ્મરણાર્થે કરજીસણ
૨૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૦/- પટેલ શાંતાબેન વિઠ્ઠલભાઈ નરનારાયણદેવ પ્રસન્નાર્થે રિદ્રોલ
૨૦૧/- પટેલ સંજયભાઈ જયંતીભાઈ ચાંદખેડા
રુદ્ર તથા ચિ. રાહીના જન્મ દિવસ નિમિત્તે
૫૦૦/- ચિ. પટેલ મિતલબેન અતુલકુમાર પુત્રના જન્મ પ્રસંગે સાપાવાડા
૨૦૦/- પટેલ વિનુભાઈ રેવાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે સાયરા
૧૧૦૦/- પટેલ વિઠ્ઠલભાઈ શંકરદાસ ભવાનપુરા-કલોલ
પૌત્રીના એડમીશન નિમિત્તે
૧૦૧/- પટેલ નરેન્દ્રકુમાર રમણલાલ હીનાના શ્રીમંત નિમિત્તે વિહારવાળા
૧૦૧/- એક સત્સંગી ભગત મિતલી
૧૦૦/- પટેલ અર્પિતાબેન ચિ. પરમ ભાણાના જન્મ નિમિત્તેવેડા-ગોવિંદપુરા
૧૦૧/- પટેલ જશ પરેશભાઈ જન્મદિન નિમિત્તે વિહાર
૧૫૧/- ચાવડા ભૂપતભાઈ બાબુભાઈ બળોલ
ચિ. યોગેશના વેવિશાળ નિમિત્તે
૧૧૧/- ભરવાડ માંડણભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૧૧/- ભરવાડ નીલકંઠ વિક્રમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૧૧/- ભરવાડ ઘનશ્યામભાઈ સહદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૦૦/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૨૦૦/- ઠક્કર વિસ્મય ઘનશ્યામભાઈ એનીવર્સી નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ભાવસાર વર્ષાબેન રમેશચંદ્ર ચાંદલોડીયા
ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૧/- પટેલ રણછોડભાઈ ડી. આણંદપુર-ભાલ
ચિ. અ.સૌ. કિંજલના વિઝા રિન્યુ થયા તે નિમિત્તે
૧૦૦/- ભાવસાર આર્નવ મિતેશભાઈ મકાન લીધું તે નિમિત્તે યુ.એસ.એ.
૨૦૧/- ચૌહાણ વિનોદાબેન રમેશભાઈ અમદાવાદ
યાત્રા કરીને આવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ શ્રુતિ જગદીશભાઈ જન્મદિવસ નિમિત્તે નરોડા
૫૦૦/- પટેલ રાજ તથા કૃષ્ણકાંત મેઘરાજ-અમદાવાદ
રાજ તથા જ્યોતિને જોબ મળી તે નિમિત્તે
૧૦૧/- મકવાણા પુષ્પાબેન અમૃતલાલ
ચિ. કીર્તિબેન અને રાજેશકુમારના લગ્ન નિમિત્તે
૧૦૧/- દરજી ધન્વી તથા વિન્દા શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૧૦૦/- પટેલ સ્મિત કમલેશ કુહા
૧૨ સાયન્સ સેમિસ્ટાર માં ૯૧% આવ્યા તે નિમિત્તે
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે મિતલી
૧૫૧/- પટેલ સૂર્યાબેન બાબુભાઈ અસલાલી
ચિ. વત્સલ કેતનભાઈના જન્મ દિને
૧૫૧/- પટેલ ઈશ્વરભાઈ ગોવિંદભાઈ પૌત્રના જન્મ નિમિત્તે કણભા
૧૫૧/- પટેલ કેતનભાઈ બાબુભાઈ સૌમ્યના જન્મ દિન નિમિત્તે અસલાલી
૧૦૦/- બિનલબેનની ભાણી રિયાના જન્મ પ્રસંગે વડુ
૧૦૧/- મોદી વિનોદકુમાર સાંકળચંદ ચાંદખેડા
પુત્રવધુ ચિ. શ્રેયાને પુત્રીના જન્મ નિમિત્તે
૧૦૧/- સોની રતિલાલ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લીંબડી
૧૦૧/- સોની રતિલાલ કાનજીભાઈ લીંબડી
ચિ. જય એમ.બી.એ.માં પાસ થયો તે નિમિત્તે
૧૦૧/- સોની ગીતાબેન રતિલાલ ચિ. જયકુમારના વેવિશાળ નિમિત્તેલીંબડી
૧૦૧/- પટેલ બીનલબેન આશિષભાઈ જન્મ દિન નિમિત્તે અસલાલી
૧૦૧/- પટેલ મુદ્રાબેન આશિષભાઈ શંકરભાઈ અસલાલી
જન્મ દિન નિમિત્તે
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ ધનુર્માસ નિમિત્તે સેટેલાઈટ
૧૦૦/- પટેલ એ.વી. જીગર ચૌલક્રિયા નિમિત્તે સાબરમતી
૧૦૦/- પટેલ પરાગ રાવજીભાઈ કેનેડા ગયા તે નિમિત્તે સાબરમતી
૧૦૧/- માંદળીયા ભાવિનભાઈ રમેશભાઈ અમદાવાદ
ધો. ૧૨ માં ૯૩% આવ્યા તે નિમિત્તે
૧૫૧/- પટેલ મમતા ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૧/- ચૌહાણ કેવલ અશોકભાઈ જન્મ દિને નવસારી
૧૦૦/- ચૌહાણ અશોકભાઈ બેચરભાઈ લગ્ન તિથિ નિમિત્તે અમદાવાદ
૧૫૦/- પટેલ નયનકુમાર રમેશચંદ્ર બેબીના જન્મ દિન નિમિત્તે સોજાવાળા
૧૦૧/- ટાંક હિરજી પીતાંબર શ્રીજી પ્રસન્નાર્થે ધુડકોટ
૫૦૧/- પાંચાણી નારણ રામજી દહીંસરા
પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી થઈ તે નિમિત્તે
૧૦૦/- કાનાબાર નિલેશભાઈ રમેશભાઈ ભાભર
ઘનશ્યામ સેલ્સ એજન્સીના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૧/- કાનાબાર ધવલભાઈ રમેશભાઈ ભાભર
ધ્રુવ ટ્રેડીંગના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા

२०१/- ચૌહાણ વિનયકુમાર દેવચંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લીમડી-દાહોદ
१०१/- ગોહિલ નરેન્દ્રભાઈ લાલજીભાઈ ટીંબા
સરકારી નોકરી મળી તે નિમિત્તે
१०१/- પ્રજાપતિ રવજીભાઈ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉગટ
१०१/- પટેલ પંકજકુમાર કેશવલાલ વેડા ગોવિંદપુરા
તેમના પિતાજીની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે
५०१/- ચૌહાણ નરેન્દ્ર રાઘવજીભાઈ સુરત-ઘુડકોટ
નવું મકાન બનાવ્યું તે નિમિત્તે
१०१/- પટેલ સૂર્યકાન્ત મફતલાલ નવી દુકાન લીધી તે નિમિત્તે નરોડા
१००/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
१००/- પટેલ ક્રિશ સુમિતભાઈ જન્મ દિવસ નિમિત્તે સાપાવાડા
१००/- પટેલ આયુષ સુમિતભાઈ જન્મ દિવસ નિમિત્તે સાપાવાડા
१०१/- વાઘેલા આનંદીબેન ઘનશ્યામસિંહ ધનુર્માસ નિમિત્તે ગોધાવી
१००/- પટેલ પ્રાંશુ હર્ષદભાઈ જન્મદિન નિમિત્તે દહેગામ
१००/- પટેલ ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ રાણીપ
યુ.એસ.એ.ના વિઝા મળ્યા તે નિમિત્તે
१०१/- પટેલ મહેન્દ્રભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
१०१/- પટેલ સરોજબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
१०१/- બળોલ મંદિર ८ મો પાટોત્સવ અને સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી
ઉજવાયા તે નિમિત્તે હ. બૂટીયાજી
१००/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ ધનુર્માસ નિમિત્તે ગરોડીયા
१००/- વાઘેલા વિજયસિંહ કિરીટસિંહ ધનુર્માસ નિમિત્તે ગરોડીયા
१००/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
१००/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
१००/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
२५१/- પટેલ મનિષભાઈ રમેશભાઈ લગ્ન પ્રસંગે ડાંગરવા
२५१/- પટેલ રમેશચંદ્ર નારણદાસ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે ડાંગરવા
२००/- અ.નિ. પટેલ સીતાબેન ઈશ્વરલાલ રામદાસ ડાંગરવા
(નિવૃત કોઠારી) અક્ષરવાસ નિમિત્તે
१००/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
२०१/- પટેલ વર્ષાબેન સંજયભાઈ માતુશ્રીના સ્મરણાર્થે કલોલ
१११/- પટેલ કાંતાબેન આર. મોખાસણ
ચિ. કેતનની બેબી કપાના પ્રથમ જન્મ દિને
१२५/- પટેલ પરષોતમભાઈ વલ્લવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
१०१/- પટેલ મનસુખભાઈ વલ્લવભાઈ ધનુર્માસ નિમિત્તે સુકાટીંબા
१००/- મોરી વસુભાઈ રવાભાઈના સ્મરણાર્થે કાલિયાણા
२०२/- ભાવસાર પ્રફુલચંદ્ર પરષોત્તમદાસ અમદાવાદ
પૌત્ર ચિ. નિવના જન્મ દિન નિમિત્તે
१००/- મોરી અજીતભાઈ પથાભાઈ ધનુર્માસ નિમિત્તે કાલિયાણા
५०१/- પટેલ બબાભાઈ આત્મારામદાસના સ્મરણાર્થે સાબરમતી
१०१/- પટેલ દિપન્સ સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
१०१/- ચૌહાણ ધ્રુવરાજસિંહ શૈલેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ભોળાદ
१००/- મોરી ઉદયકુમાર સતિષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલિયાણા
१०१/- પટેલ કલ્પ આશિષકુમાર જન્મ દિન નિમિત્તે ખેરોલ
१००/- પટેલ પ્રીતિબેન જશુભાઈ લવારપુર
ધો-१० માં સારા ટકાથી પાસ થયા તે નિમિત્તે
१००/- પટેલ રણછોડભાઈ કેશાભાઈના સ્મરણાર્થે લવારપુર
२००/- પટેલ નયનાબેન પંકજભાઈ જન્મ દિન નિમિત્તે કરજીસણ
१००/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ ધનુર્માસ નિમિત્તે સુકાટીંબા
१००/- પટેલ મણીભાઈ જીવરામદાસ શ્રીજી પ્રસન્નાર્થે નારણપુરા
१००/- સોની જીતુભાઈ હરગોવિંદદાસ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
१००/- પટેલ રમણભાઈ ગોબરભાઈ પૌત્રના જન્મ દિન નિમિત્તે બાયડ
१००/- પટેલ માનવ કલ્પેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
१००/- અ.નિ. પટેલ વિઠ્ઠલભાઈ મોતીદાસ ધનુર્માસ નિમિત્તે વાગોસણા
१००/- ગં.સ્વ. પટેલ મેનાબેન વિઠ્ઠલભાઈ ધનુર્માસ નિમિત્તે વાગોસણા
१०१/- પટેલ દિનેશભાઈ રામાભાઈ રામદાસભાઈની વિહાર
પુણ્યતીથિ નિમિત્તે
३०१/- પટેલ જતીનકુમાર રમેશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે રનેલા
२०१/- પટેલ સોમેશ્વરભાઈ ભગવાનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રનેલા
१००/- કાછીયા અનિતાબેન રાજુભાઈ અમદાવાદ
ઓપરેશનમાં રક્ષા કરી તે નિમિત્તે
१०१/- ભાવસાર ભાસ્કરભાઈ છનાલાલ જન્મદિન નિમિત્તે રાણીપ
१११/- અ.નિ. રમાબેન સોલંકી શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
५००/- કા. મૃગેશકુમાર હિતેષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
१०१/- ભાવસાર પ્રફુલચંદ પરષોતમદાસ અમદાવાદ
ચિ. પૌત્ર દેવસ્થના જન્મ દિને

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**લસુન્દ્રા :** શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. શાંતિભાઈ ખુશાલભાઈ પટેલ (પ.ભ. મુકેશભાઈના પિતાશ્રી) તા. २१-११-१३ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** દેસાઈ કુંવરબેન પરસોતમભાઈ (પીઠવાજાળ) તા. १६-११-१३ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ગોવિંદપુરા વેડા :** પ.ભ. પિંકેશભાઈના માતુશ્રી તા. २७-११-१३ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કોઠા :** પ.ભ. સંતોકબા કાનદાસ પટેલ તા. ६-११-१३ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કાલીયાણા :** પ.ભ. વશરામભાઈ રવાભાઈ મોરી (ઉં. ७८ વર્ષ) તા. ३०-११-१३ ના રોજ સારંગપુર ગઢડા દર્શન કરી વળતા શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડાંગરવા (ડાભી) :** પ.ભ. સીતાબેન ઈશ્વરલાલ રામદાસ પટેલ (નિવૃત કોઠારી) (ઉ. ७४ વર્ષ) તા. २६-११-१३ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લેસ્ટર (યુ.કે.) :** પ.ભ. યોગેશભાઈના પિતાશ્રી પ.ભ. જયંતીભાઈ નારણભાઈ પટેલ (ઉ. ७९ વર્ષ) (**ISSO, UK** માજી. પ્રમુખશ્રી) તા. ९-१२-१३ ના રોજ સ્વદેશ ગુજરાતમાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લેસ્ટર (યુ.કે.) :** પ.ભ. હરિશભાઈ જેણાભાઈ પટેલ (ધમાસણાવાળા)ના ધર્મ પત્ની બબીબેન (કાશીબેન) પટેલ તા. २९-१२-१३ ના રોજ સ્વદેશ ગુજરાતમાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-३८० ००१ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-३८०००१ વતી પ્રકાશિત કર્યું.











૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, ધમાસણા પાટોત્સવ પ્રસંગે શાકોત્સવ કરતા પ.પૂ. મહારાજશ્રી તથા વિશાળ સભામાં હરિભક્તો. ૨. મણીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના શતાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની સમૂહ આરતી ઉતારતા હરિભક્તો. ૩. ડાંગરવા (તળપદ)મંદિરમાં કથાનું શ્રવણ કરતા હરિભક્તો અને જતનબાના પ્રસાદીના ઘરના દર્શન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, જોડીયા (મૂળીદેશ) મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભામાં સત્સંગીઓ. ૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ શોભાયાત્રામાં દર્શન આપતા અને યજમાન પરિવાર સાથે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014




પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી




સ્થળ
શ્રી સ્વામિનારાયણ મંદિર
રાયગંજ, અયોધ્યા. જી. ફૈઝાબાદ. ઉત્તર પ્રદેશ




Jagadish Offset

Praful Kharsani